RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 247 Dt. 29-12-2024 Page : 08 Price : Rs 3








**Editor :** PRATIPALSINH NARENDRASINH JADEJA, **Publisher, Printer & Owner :** YASHPALSINH JAYCHANDRASINH JADEJA

**Place of Publication :** 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT




# દલ્લેવાલને ૨ દિવસમાં હોસ્પિટલમાં દાખલ કરોઃ સુપ્રીમ

## સર્વોચ્ચ અદાલતે પંજાબ સરકારની કાઢી ઝાટકણી : સરકાર હોસ્પિટલમાં ખસેડવાના નિર્દેશોનું કરે પાલન

નવીદિલ્હી, તા. ૨૮

સુપ્રીમ કોર્ટે કહ્યું કે જેઓ ખેડૂત નેતા જગજીત સિંહ દલ્લેવાલના હોસ્પિટલમાં દાખલ થવામાં અવરોધો ઉભા કરી રહ્યા છે તેઓ આત્મહત્યા માટે ઉશ્કેરવાના ફોજદારી ગુનામાં સામેલ છે. સર્વોચ્ચ અદાલતે પંજાબ સરકારને જો પરિસ્થિતિ વોરંટ આપે તો કેન્દ્ર પાસેથી કોઈપણ પ્રકારની લોજિસ્ટિક્સ સહાય મેળવવાની મંજૂરી આપી હતી અને આશા વ્યક્ત કરી હતી કે રાજ્ય સરકાર દલ્લેવાલને હોસ્પિટલમાં ખસેડવાના તેના નિર્દેશનું પાલન કરશે. સુપ્રિમ કોર્ટે શનિવારે પંજાબ સરકારને એક મહિનાથી વધુ સમયથી ઉપવાસ કરી રહેલા ખેડૂત નેતા જગજીત સિંહ દલ્લેવાલને હોસ્પિટલમાં દાખલ કરવા માટે મનાવવા માટે ૩૧ ડિસેમ્બર સુધીનો સમય આપ્યો છે. જસ્ટિસ સૂર્યકાન્ત અને જસ્ટિસ ઉજ્જવલ ભુયાનની વેકેશન બેન્ચે પંજાબ સરકારને સ્થિતિ બગડવાની અને દલ્લેવાલને તબીબી સહાય પૂરી પાડવાના તેના અગાઉના નિર્દેશોનું પાલન ન કરવા બદલ ઝાટકણી કાઢી હતી.

લાચારી વ્યક્ત કરતા, પંજાબ સરકારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું કે તે વિરોધ કરી રહેલા ખેડૂતોના ભારે વિરોધનો સામનો કરી રહી છે, જેમણે દલ્લેવાલને ઘેરી લીધો હતો અને તેમને હોસ્પિટલમાં લઈ જવાથી રોકી રહ્યા હતા. સર્વોચ્ચ અદાલતમાં પંજાબ સરકારનું પ્રતિનિધિત્વ કરતા એડવોકેટ જનરલ ગુરમિન્દર સિંહે બેંચને જણાવ્યું હતું કે નિષ્ણાતોની ટીમે વિરોધ સ્થળની મુલાકાત લીધી હતી અને દલ્લેવાલને હોસ્પિટલમાં ખસેડવા અને તબીબી સારવાર લેવા માટે સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. દલ્લેવાલે ડ્રિપ સહિત કોઈપણ પ્રકારની તબીબી સહાયનો ઈનકાર કરી દીધો છે, એમ કહીને કે તેનાથી આંદોલનનું કારણ નબળું પડશે.' આનાથી બેન્ચ ગુસ્સે થઈ ગઈ જેણે પંજાબ સરકારને પરિસ્થિતિને નિયંત્રિત કરવા માટે પૂરતા પગલાં ન લેવા બદલ દોષી ઠેરવ્યો. સુપ્રીમ કોર્ટે કહ્યું કે જેઓ ખેડૂત નેતા જગજીત સિંહ દલ્લેવાલના હોસ્પિટલમાં દાખલ થવામાં અવરોધો ઉભા કરી રહ્યા છે તેઓ આત્મહત્યા માટે ઉશ્કેરવાના ફોજદારી ગુનામાં સામેલ છે.



સર્વોચ્ચ અદાલતે પંજાબ સરકારને કેન્દ્ર પાસેથી કોઈપણ પ્રકારની લોજિસ્ટિક સહાય મેળવવાની મંજૂરી આપી જો પરિસ્થિતિ વોરંટ આપે, અને આશા વ્યક્ત કરી કે રાજ્ય સરકાર દલ્લેવાલને હોસ્પિટલમાં ખસેડવાના તેના નિર્દેશનું પાલન કરશે. સુપ્રીમ કોર્ટની બેન્ચે કહ્યું કે કદાચ દલ્લેવાલના સાથી નેતાઓ તેમને હોસ્પિટલમાં દાખલ ન કરવા દબાણ કરી રહ્યા છે. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે જે ખેડૂત નેતાઓ જગમીત સિંહ દલ્લેવાલને હોસ્પિટલમાં દાખલ થવા દેતા નથી તેઓ તેમના શુભચિંતક નથી લાગતા.

સુપ્રીમ કોર્ટે શુક્રવારે જગમીત સિંહ દલ્લેવાલની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને પંજાબ સરકારને નિર્દેશ આપ્યો હતો કે તેમને તબીબી સહાય આપવામાં આવે. દલ્લેવાલને તબીબી સહાય પૂરી પાડવાના આદેશનું પાલન ન કરવા બદલ મુખ્ય સચિવ અને પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) સામે તિરસ્કારની અરજી પર સુપ્રીમ કોર્ટે પંજાબ સરકારને નોટિસ જારી કરી હતી. પાક માટે લઘુત્તમ ટેકાના ભાવની કાયદેસર ગેરંટી સહિત ખેડૂતોની માંગણીઓ સ્વીકારવા માટે કેન્દ્ર પર દબાણ લાવવા માટે દલ્લેવાલ ૨૬ નવેમ્બરથી ખનૌરી બોર્ડર પર અનિશ્ચિત ઉપવાસ પર છે.

### મુંદરાના અદાણી બંદર પાસેના CFS સેન્ટરમાં ત્રાટકેલી કસ્ટમની સ્પેશિયલ ઈન્ટેલિજન્સ એન્ડ ઈન્વેસ્ટિગેશને મળી સફળતા : ૫૩ ટન વજનની સોપારીની ગુણીઓ મળી આવી

# દાણચોરીથી સોપારી ઘુસાડવાનો કારસો





રાજકોટ , તા. ૨૮

સરહદી કચ્છના મુંદરા અદાણી બંદર પાસેના સીએફએસ સેન્ટરમાં ત્રાટકેલી મુંદરા કસ્ટમની સ્પેશિયલ ઈન્ટેલિજન્સ એન્ડ ઈન્વેસ્ટિગેશન શાખાએ દુબઈથી ભારતમાં દાણચોરી કરી સોપારીના જથ્થાને ઘુસાડવાના વધુ એક કારસાને નિષ્ફળ બનાવી અંદાજિત ત્રણ કરોડની આંતરરાષ્ટ્રીય બજાર કિંમતનો ૫૩ મેટ્રિક ટન સોપારીનો જથ્થો જપ્ત કર્યો છે.

આ સંદર્ભે મળતી માહિતી મુજબ, મુંદરા કસ્ટમની એસઆઈઆઈબી શાખાને મળેલી પૂર્વ બાતમીના આધારે મુંદરા કસ્ટમના પ્રિન્સિપલ કમિશનર કે. એન્જિનીયરની સૂચનાથી કસ્ટમની આ બ્રાન્ચ દ્વારા કરાયેલી તપાસમાં બે મોટા ૪૦ ફૂટના કન્ટેનરમાં પીવીસી રેઝિન (પ્લાસ્ટિકના દાણા)ની આડમાં બે કન્ટેનર ભરેલી ૫૩ ટન વજનની સોપારીની ગુણીઓ ભરેલો જથ્થો મળી આવ્યો હતો.

સોપારીના કાળા કારોબાર માટે જાણીતા એવા દુબઈથી આવેલો અને કંડલા ખાતેના મુક્ત વ્યાપાર કેન્દ્રમાં સ્થિત એક યુનિટમાં જતો હોવાનું આયાતકાર દ્વારા ડિક્લેર કરાયું હતું અને જથ્થામાં પીવીસી રેઝિન એટલે કે, પ્લાસ્ટિકના દાણા દર્શાવાયેલા હતા, પરંતુ આ મિસ ડિક્લેરેશન કેસમાં બે કન્ટેનરમાં કુલ ૫૩ ટન વજનની સોપારી મળી આવી હતી. આ સાથે જ ફરી એકવાર સોપારીની દાણચોરી હજુ કોઈ પણ જાતની બીક વિના ચાલુ હોવાનું સાબિત થયું છે.

શ્રીલંકા અને વિયેતનામ જેવા દેશોમાંથી સોપારી મળે છે, પરંતુ દુબઈથી સોપારી લઈ આવવામાં તંત્રને છેતરવા માટે દર વખતે નવી-નવી મોડેસ ઓપરેન્ડી અપનાવવામાં આવે છે. આ વખતે પીવીસી રેઝિન દર્શાવાયા કે જેનો જથ્થો સામાન્ય રીતે મોટી કંપનીઓ દ્વારા નિયમિત રીતે અને મોટા જથ્થામાં આયાત થાય છે અને પ્રતિષ્ઠિત કંપનીઓ દ્વારા આવતો આ જથ્થો મોટાભાગે પાસ થઈ જતો હોય છે.

સામાન્ય રીતે કાસેઝ જતી ચીજવસ્તુઓ ટ્રાન્સશિપમેન્ટ ધોરણે નીકળી ત્યાં જ તપાસ થાય, પરંતુ મુંદરાની આ કસ્ટમ બ્રાંચે પૂર્વ બાતમીના આધારે કન્ટેનરોને રોકી નાખ્યા અને નજીકના હિન્દ ટર્મિનલ સીએફએસમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તપાસ બાદ આ જથ્થો મળી આવ્યો હતો. આ લખાય છે ત્યારે બે શંકાસ્પદ કન્ટેનરોની તપાસ થઇ રહી છે. જો એ કન્ટેનરોમાંથી પણ પ્રતિબંધિત વસ્તુ મળશે તો



# ડો.મનમોહનસિંઘનો દેહ પંચમહાભૂતમાં વિલીન

## ભારતીય જનતા પાર્ટી ભૂતપૂર્વ વડાપ્રધાન ડો. મનમોહન સિંહની યાદમાં સ્મારક બનાવવા લીધો નિર્ણય

નવીદિલ્હી, તા. ૨૮

પૂર્વ પીએમ ડો.મનમોહન સિંહના શનિવારે દિલ્હીના નિગમ બોધ ઘાટ પર અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. પૂર્વ પીએમ મનમોહન સિંહના અંતિમ સંસ્કારમાં કોંગ્રેસના ઘણા વરિષ્ઠ નેતાઓએ હાજરી આપી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાજનાથ સહિત ઘણા નેતાઓ નિગમ બોધ ઘાટ પહોંચ્યા અને પૂર્વ પીએમના નશ્વર અવશેષોને શ્રદ્ધાંજલિ આપી. પૂર્વ પીએમ મનમોહન સિંહની મોટી દીકરીએ પિતાના અંતિમ સંસ્કાર કર્યા. આ સાથે પૂર્વ પીએમ મનમોહન સિંહ કાયમ માટે પંચતત્વમાં ભળી ગયા.

પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના



અંતિમ સંસ્કાર દિલ્હીના નિગમબોધ ઘાટ ખાતે થયા હતા. ડો. સિંહની અંતિમ યાત્રા સવારે ૯:૩૦ વાગ્યે ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી (AICC)ના મુખ્યાલયથી શરૂ થઈ હતી જ્યારે પાર્ટીના નેતાઓ અને કાર્યકર્તાઓએ તેમને અંતિમ શ્રદ્ધાંજલિ આપી હતી. રાજનીતિ અને આર્થિક સુધારા માટે જાણીતા, ડો. સિંહ ૨૦૦૪ થી ૨૦૧૪ સુધી વડાપ્રધાન હતા. તેમણે ૧૯૯૧માં વડાપ્રધાન પીવી નરસિમ્હા રાવના કાર્યકાળ દરમિયાન નાણામંત્રી તરીકે સેવા આપી હતી. વય સંબંધિત બિમારીઓને કારણે ૯૨ વર્ષની વયે ગુરુવારે દિલ્હીના AIIMSમાં તેમનું અવસાન થયું હતું. તેમના અંતિમ સંસ્કારના પગલે તેમના માટે એક સ્મારકને લઈને વિવાદ છે. અન્ય ભૂતપૂર્વ વડા પ્રધાનોની જેમ કોંગ્રેસે ડો. જો કે, કેન્દ્રએ કોંગ્રેસ પર ''ગંદી રાજનીતિ'' કરવાનો આરોપ લગાવ્યો.

# રાજસ્થાનમાં ૯ નવા જીલ્લા રદ

## સીએમ ભજનલાલ શર્માની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની બેઠકમાં લેવાયો નિર્ણય : ૮ નવા જિલ્લાઓ યથાવત

નવી દિલ્હી,તા. ૨૮

રાજસ્થાનમાં ભજનલાલ સરકારે અશોક ગેહલોતના છે. સીએમ ભજનલાલ શર્માની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની બેઠકમાં ખાદ્ય સુરક્ષા યોજનામાં નવા લાભાર્થીઓને ઉમેરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. કેબિનેટે ડુડુ, કેકરી, શાહપુરા, નીમકથાણા, ગંગાપુર સિટી, જયપુર ગ્રામીણ, જોધપુર ગ્રામીણ, અનુપગઢ અને સંચૌર રદ કર્યા છે. ગેહલોત સરકારમાં બનાવવામાં આવેલા ૧૭ નવા જિલ્લાઓમાંથી, ભજનલાલ કેબિનેટે ૮ નવા જિલ્લાઓને યથાવત રાખ્યા છે. આ જિલ્લાઓમાં બાલોત્રા, બ્યાવર, ડીગ, ખૈરથલ-તિજારા, ડીડવાના-કુચમન, કોટપુતલી-બેહરોર, ફલોદી અને સાલમ્બરનો સમાવેશ થાય




છે. આવી સ્થિતિમાં રાજસ્થાનમાં હવે ૩૩ અને ૮ જિલ્લાઓ મળીને કુલ ૪૧ જિલ્લાઓ બનશે. હવે રાજસ્થાનમાં ૭ વિભાગો બનશે.

કેબિનેટના નિર્ણયો વિશે માહિતી આપતા મંત્રી સુમિત ગોદરાએ કહ્યું કે સિકર, પાલી અને બાંસવાડાના ત્રણ નવા વિભાગો પણ રદ કરવામાં આવ્યા છે. ભજનલાલ કેબિનેટની બેઠકમાં રદ કરવાના જિલ્લાઓ અને વિભાગોને આખરી મંજુરી આપવામાં આવી છે. મંત્રીઓ સુમિત ગોદારા અને જોગારામ પટેલે પ્રેસ બ્રીફિંગ આપતાં જે જિલ્લાઓ અને વિભાગો રદ કરવામાં આવી રહ્યા છે તેની માહિતી આપી હતી. તમને જણાવી દઈએ કે અગાઉની ગેહલોત સરકારે છેલ્લી ઘડીએ રાજસ્થાનમાં ૧૭ નવા જિલ્લા અને ત્રણ નવા વિભાગ બનાવ્યા હતા. આ નિર્ણયને ઉલટાવીને, ભજનલાલ સરકારે ૯ જિલ્લાઓ અને ત્રણેય નવા બનાવેલા વિભાગોને રદ કર્યા છે, જ્યારે ૮ જિલ્લા જેમના તેમ જ રહેશે. તે જ સમયે, રાજ્યમાં વિભાગો પહેલાની જેમ જ રહેશે.

### આ જિલ્લાઓ રદ કરવામાં આવ્યા હતા

મંત્રી સુમિત ગોદરાએ જણાવ્યું કે કેબિનેટની બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ ડુડુ, કેકરી, શાહપુરા, નીમકથાણા, ગંગાપુર સિટી, જયપુર ગ્રામીણ, જોધપુર ગ્રામીણ, અનુપગઢ, સાંચોર જિલ્લાઓ રદ કરવામાં આવ્યા છે. મંત્રીના જણાવ્યા મુજબ, કેબિનેટની બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ, બાલોત્રા, ખૈરથલ-તિજારા, બ્યાવર, કોટપુતલી-બેહરોર, ડીડવાના-કુચમન, ફલોદી, ડીગ અને સનલુબર જિલ્લાઓ યથાવત રહેશે.

હવસખોરી, વિકૃતતાની હદઃ દસ રૂપિયાનો નાસ્તો કરાવવાની લાલચ આપી ઝાડીમાં લઇ જવાયો પછી ન કરવાનું કરાયું

# સાત વર્ષના માસુમ સાથે સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય આચરી ક્રુર હત્યા

## ફૂટેજને આધારે શૈતાનને પોલીસે કલાકોમાં દબોચી લીધોઃ નિષ્ઠુરતાથી ગુનો કબુલતા કહ્યું-કુરકુરે ખવડાવવાની લાલચ આપીને ઉંચકીને લઇ ગયો હતોઃ બાળક કોઇને જાણ કરી દેશે તે બીકે મારી નાંખ્યો હતો

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૮**

રાજકોટઃ રાજ્યમાં અપહરણ, બળાત્કાર, દૂષ્કર્મ, બળાત્કાર બાદ હત્યાની સતત બની રહેલી ઘટના વચ્ચે વધુ એક ખળભળાટ મચાવતો બનાવ સામે આવ્યો છે. જેમાં હવસખોર વિકૃતે હેવાનીતયની હદ વટાવી દીધી હતી. સાત વર્ષના બાળકને ચાલ તને કુરકુરે ખવડાવુ કહી લાલચ આપી એક ઢગો અપહરણ કરી ઝાડીમાં લઇ ગયો હતો અને તેની સાથે બળજબરીથી દૂષ્કર્મ આચરી લીધુ હતું. એટલુ જ નહિ આ બાળક ઘરે જઇ કોઇને વાત કરી દેશે તો પોતે પકડાઇ જશે એ બીકે આ શૈતાને એ માસુમ બાળકને ક્રુરતાથી પતાવી દીધુ હતું. જો કે પોલીસે સીસીટીવી ફૂટેજને આધારે તપાસ શરૂ કરી કલાકોમાં જ હવસખોર હત્યારાને પકડી લીધો હતો. તેણે નિષ્ઠુરતાથી પોતાના ગુનાની કબુલાત આપી હતી.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો દક્ષિણ ગુજરાતમાં ભરૂચના ઝઘડિયામાં એક બાળકી પર દુષ્કર્મ બાદ આચરેલી બર્બરતાથી તેનું સારવારના આઠમા દિવસે મોત થયું હતું. ત્યારે વલસાડના વાપીના છીરીમાં અપહરણ કરાયેલા બાળકની હત્યા કરી ફેંકી દેવાયેલી લાશ મળી હતી. બાળક પર સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચરીને તેને મોતને ઘાટ ઉતારાયો હતો. પોલીસે બાળકની લાશનું ફોન્સિક પોસ્ટમોર્ટમ કરાયું હતું, જેમાં ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. આરોપી માસુમ બાળકને દસ રૂપિયાનું કુરકુરે લઈ આપવાની લાલચ આપીને ઝાડીમાં લઈ ગયો હતો. ત્યાં આરોપીએ તેને કુકર્મ આચરીને બાળકને મોતને ઘાટ ઉતારી દીધો હતો.પોલીસે આરોપીને દબોચી લીધો છે અને આગળની તપાસ હાથ ધરી હતી.





ખળભળાટ મચાવતી આ ઘટનાની વિગતો આપતાં વલસાડ એસપી ડો. કરણરાજ વાઘેલાએ જણાવ્યું હતું કે નાતાલની રાતે સાડાનવ વાગ્યા દરમિયાન બાળક ગુમ થયું હતું. મૂળ બિહારના ભાગલપુરના પરિવાર વરિયાવળ વિસ્તારમાં રણછોડનગરની ચાલીની બહાર તેમની નાની દુકાન જેવું છે. બાળક મોટા ભાગના સમયમાં માતા-પિતા સાથે રમતું હોય છે. બાળક ન મળતાં ચાલીમાં રહેતા પોતાના સગાં-વહાલાંના ઘરે તપાસ કરી હતી. જોકે રાત્રે કોઈ પોલીસ કમ્પ્લેન આપી ન હતી. બીજા દિવસની સવાર સુધી બાળક ન મળતાં અગિયાર વાગ્યાના ગાળામાં ડુંગરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી હતી. બાળક આખી રાત મળ્યું નહિ અને બનાવની ગંભીરતાને ધ્યાને લઈને ડુંગરા પોલીસ સ્ટેશન, વાપી ટાઉન પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ, એસઓજી, ડીવાયએસપી અને એસીપી સહિતનો કાફલો ત્યાં પહોંચી ગયો હતો. આખા વાપી ટાઉન વિસ્તારના સીસીટીવી ફૂટેજ ચેક કરવામાં આવ્યા હતા, સાથે સાથે રણછોડનગર વિસ્તારના સીસીટીવી ફૂટેજ ચેક કરતાં એક ચોક્કસ શંકાસ્પદ વ્યક્તિ સાથે બાળક ચાલતું જતું દેખાયું હતું. જે વિસ્તાર તરફ બાળક જઈ રહ્યું હતું, તે વ્યક્તિ સાથે એ વિસ્તારમાં આખો ઝાડીવાળો એરિયા, ખુલ્લું મેદાન હતું. આજુબાજુની કંપનીના મજૂરો અને સ્થાનિક લોકો, પોલીસે ડ્રોન દ્વારા સર્ચ કરવામાં આવ્યું હતું.

એસપીએ દુઃખ સાથે જણાવ્યું હતું કે કમનસિબે અમને બાળક મૃત હાલતમાં ઝાડીમાંતી મળ્યું હતું. ત્યાર બાદ એફએસએલ અને ડોગ-સ્ક્વોડને બોલાવી હતી. બાળકનું ફોરેન્સિક પીએમ કરાવતાં તેની સાથે સૃષ્ટિ વિરુદ્ધનું દુષ્કર્મ થયું અને ધારદાર હથિયાર વડે તેની હત્યા કરાઈ હોવાનું ખૂલ્યું છે. એમાં ભારતીય ન્યાય સંહિતાની કલમો ઉમેરવામાં આવી છે.

ગઈકાલે જે શંકાસ્પદ વ્યક્તિ સીસીટીવીમાં દેખાઈ હતી તેને રાત્રે ને રાત્રે જ પકડી પાડવામાં આવી હતી. આરોપીનું નામ શિવકુમાર ઉર્ફે શિવાદાસ, ભાગલપુર બિહારનો છે. આરોપી જ્યાં બાળક ગુમ થયું ત્યાં ઓરડી રાખીને રહે છે. તે અપરિણીત છે અને તેણે જ બાળકની હત્યા કરી છે. દુષ્કર્મ આચરવાના ઈરાદે તેને ઝાડીમાં લઈ ગયો હતો. દુષ્કર્મ આચરીને તેની હત્યા કરી હતી. તેણે બાળકને દસ રૂપિયા નાસ્તો કરવા આપીશ એવી લાલચ આપીને તેની સાથે લઈ ગયો હતો. ઝાડીમાં ઊંચકીને લઈ જઈને તેની સાથે દુષ્કર્મ કરી તેની હત્યા કરી હતી. પોલીસે ઘટનાસ્થળ નજીકના સીસીટીવી કેમેરા ચેક કરતાં એક શંકાસ્પદ શખ્સ પાછળ બાળક જતું જોવા મળ્યું હતું. થોડીવાર બાદ શંકાસ્પદ શખ્સ એકલો પરત આવતાં સીસીટીવીમાં કેદ થયો હતો. જ્યારે નજીકની ઝાડી ચેક કરતાં ત્યાં હત્યા થયેલી હાલતમાં બાળકની લાશ મળી આવી હતી.

પોલીસે લાશનો કબજો મેળવી લાશનું પોસ્ટ મોર્ટમ કરાવતાં બાળકની હત્યા થઈ હોવાનું સામે આવ્યું હતું. એને લઈને અપહરણની ફરિયાદમાં હત્યાની કલમો ઉમેરી ઉમેરી ફૂટેજના આધારે શકમંદોની પૂછપરછ હાથ ધરી આરોપીને ઝડપી પાડવા પ્રયાસો હાથ ધર્યા હતા. એમાં પોલીસને સફળતા હાથ લાગી હતી અને આરોપી પકડાયો હતો. હાલના સમયમાં માત્ર બાળકીઓ, સગીરાઓ,

યુવતિઓ જ નહિ પરંતુ ફુલડા જેવા બાળકો-પુત્રો ઉપર પણ હવસખોરો નજર બગાડી લેતાં હોય છે. આ વિકૃતિની ઘટના તેનો પુરાવો આપી રહી છે. આવા હવસખોરો ઠેકઠેકાણે વસવાટ કરતાં હોય છે. તેને શોધવા ઓળખવાનું કામ અઘરૂ હોય છે. તે પોત પ્રકાશે ત્યારે જ તેનો અસલી ચહેરો લોકોની સામે આવતો હોય છે.

CMO વેબસાઇટ પર સ્પીચ ટુ ટેક્સ્ટ સુવિધાની નવી પહેલ

# સ્વર પ્લેટફોર્મ થકી રાજ્યના નાગરિકો હવે બોલીને અરજી કે ફરિયાદ કરી શકશે

## ટેક્નોલોજીની મદદથી ભાષાના અવરોધોને દૂર કરીને રાજ્ય સરકાર વધુ નાગરિકો સુધી પહોંચશે, જે ફરિયાદ નિવારણ પદ્ધતિ અને પ્રતિસાદ પ્રણાલીને સુધારવામાં મદદરૂપ થશે

ગાંધીનગર, ૨૮ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ટીમ ગુજરાતે હંમેશાં રાજ્યના નાગરિકોનું 'ઇઝ ઓફ લિવિંગ' વધારવા માટે વિવિધ પહેલો અને યોજનાઓ અમલી બનાવી છે. ૨૫ ડિસેમ્બરે, સુશાસન દિવસના રોજ મુખ્યમંત્રીએ ફરી એકવાર જનહિતલક્ષી અને લોકોને ઉપયોગી થાય તેવી નવી પહેલોનો પ્રારંભ કર્યો હતો. જેમાંની એક પહેલ છે, જઠઅછ (સ્પીચ એન્ડ રિટન એનાલિસિસ રિસોર્સ) પ્લેટફોર્મનો પ્રારંભ.

ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રીના કાર્યાલય (સીએમઓ) દ્વારા ભારત સરકારના ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયની ભાષિણી ટીમ (રાષ્ટ્રીય ભાષા અનુવાદ મિશન) સાથે મળીને ભાષાના અવરોધોનો દૂર કરીને ટેક્નોલોજીના ઉપયોગથી સ્વર પ્લેટફોર્મ વિકસિત કરવામાં આવ્યું છે. જેના અંતર્ગત, સીએમઓની વેબસાઇટ હેઠળ 'રાઈટ ટુ સીએમઓ' માટે સ્પીચ ટુ ટેક્સ્ટની સુવિધા ઊભી કરવામાં આવી છે.




સ્પીચ ટુ ટેક્સ્ટની સુવિધાથી નાગરિકો પોતાના સંદેશાઓ લખીને ટાઈપ કરવાને બદલે બોલીને ટાઈપ કરી શકશે. જઠઅછ (સ્પીચ એન્ડ રિટન એનાલિસિસ રિસોર્સ) પ્લેટફોર્મ અંતર્ગત સ્વદેશી આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ પ્લેટફોર્મ ભાષિણીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ ટેક્નોલોજીની મદદથી રાજ્ય સરકાર વધુ ને વધુ નાગરિકો સુધી પહોંચી શકશે. તેમજ, આ ટેક્નોલોદજી ફરિયાદ નિવારણ પદ્ધતિ અને પ્રતિસાદ પ્રણાલીને સુધારવામાં પણ મદદરૂપ થશે.

આગામી સમયમાં સ્વર પ્લેટફોર્મ મુખ્યમંત્રી કાર્યાલયની કાર્યપદ્ધતિમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને મશીન લર્નિંગનો ઉપયોગ કરવાની વધતી જરૂરિયાત માટે કાર્ય કરશે. જેમાં સીએમઓની જરૂરિયાત અનુસાર રિસોર્સ લાયબ્રેરી તરીકે વધુ એનએલપી (NLP), ઓપન સોર્સ જેનએઆઇ (GenAI), એમએલ (ML), કોમ્પ્યુટર વિઝન (Computer Vision) વગેરે જેવા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના સંસાધનો ઉમેરવામાં આવશે. સ્વર પ્લેટફોર્મ થકી અંગ્રેજી કીબોર્ડને ન સમજી શકનારા સામાન્ય નાગરિકો પણ સરળતાથી બોલીને પોતાની અરજી કે ફરિયાદ સરકાર સુધી પહોંચાડી શકશે. ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને ડિજિટલ ગુજરાત થકી ડિજિટલ ભારતના વિઝનને સાકાર કરવા માટે ગુજરાત સરકાર સંપૂર્ણ પ્રતિબદ્ધતાથી આગળ વધી રહી છે.

# લઘુતમ તાપમાનમાં ત્રણથી ચાર ડિગ્રી ઘટે તેવી આગાહી

## વેસ્ટન ડિસ્ટર્બન્સના પગલે રહેશે વાદળછાયું વાતાવરણ

રાજકોટ, તા. ૨૮

ગ્લોબલ વોર્મિંગના પગલે રાજ્યમાં અસહ્ય ઠંડી જોવા મળી રહી છે ત્યારે હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે કે હજુ પણ લઘુતમ તાપમાનમાં ત્રણથી ચાર ડિગ્રીનો ઘટાડો થશે અને કહી શકાય કે અમદાવાદ જેવા શહેરોમાં તાપમાન ૧૫ઓ સુધી પહોંચે તેવી આગાહી પણ કરવામાં આવી છે.

બીજી તરફ વરસાદ ની કોઈ આગાહી કરવામાં આવી નથી છે ખેડૂતો માટે સારા સમાચાર કહી શકાય પરંતુ હાલ જે વાતાવરણમાં પલટો આવ્યો છે તેની પાછળનું સૌથી મોટું કારણ વેસ્ટન ડિસ્ટર્બન્સ છે પરિણામ સ્વરૂપે વાદળછાયું વાતાવરણ રહેશે અને અમદાવાદ અને ગાંધીનગરમાં ભારે ધુમસ પણ જોવા મળશે.

રાજ્યમાં ૨૪ કલાક માટે કમોસમી માવઠાની આગાહી કરવામાં આવી છે.સાથે સાથે ૩૦ થી ૪૦ કિમીની ઝડપે પવન ફૂંકાશે તેવી પણ આગાહી કરવામાં આવી છે.

વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ,નર્મદા, સુરત, ડાંગ, નવસારી,વલસાડ, તાપી, અમદાવાદ,ગાંધીનગર, બનાસકાંઠા,સાબરકાંઠા, પાટણ, મહેસાણા,ખેડા, આણંદ, અરવલ્લી,પંચમહાલ, દાહોદ, મહીસાગર,દમણ, દાદરનાગર હવેલીમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે.સાયકોનિક સર્ક્યુલેશન અને ટ્રક પસાર થતો હોવાથી વરસાદ રહેશે તેવી આગાહી કરાઈ છે.

ગુજરાતમાં આજે ફરીથી ઠંડીનો ચમકારો વધ્યો છે. બંગાળની ખાડી તરફથી આવતા ભેજવાળા પવન અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે રાજ્યના અનેક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ છવાયું છે.

ત્યારે હવામાન વિભાગે ગુરુવારથી ત્રણ દિવસ ગુજરાતનાં અનેક જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદ અને કરા પડવાની પણ આગાહી આપી છે.

આ સાથે ગરમી વધવાની પણ આગાહી કરી છે.હાલ ગુજરાતમાં ઉત્તરથી ઉત્તર પૂર્વની દિશાના પવન ફૂંકાઈ રહ્યા છે. ત્યારે ગુજરાતમાં ૨૪ કલાક શુષ્ક હવામાન રહેશે. જ્યારે બીજાથી પાંચમા દિવસે હળવાથી મધ્યમ વરસાદની સાથે વીજળીના કડાકાનું પૂર્વાનુમાન છે.

બેંક ઓફ ઇન્ડિયા નામના વ્હોટ્સએપ ગ્રુપમાં એડ કરી કહેવાયું અપડેટ કરવું હોય તો એપીકે ફાઇલ ડાઉનલોડ કરો

# વૃધ્ધે આધારકાર્ડ અપડેટ કરવાના પ્રયાસમાં બાવીસ લાખ ગુમાવ્યા

## વેપારી યુવાનને પાંચ કરોડના ટ્રાન્જેક્શન અને સેક્સ્યુઅલ હેરેસમેન્ટમાં ફસાવવાની ધમકી દઇ સવાચાર લાખ પડાવી લેવાયા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા.૨૮**

રાજકોટઃ ગઠીયાગીરીના સતત વધી ગયેલા બનાવો વધુ બે ફ્રોડની ઘટના સામે આવી છે. જેમાં આધારકાર્ડ અપડેટના નામે વૃધ્ધના બાવીસ લાખ સફાચટ કરી લેવાયા છે. ગઠીયાઓએ વૃધ્ધને ફોન કરી બેંકના નામે નકલી વ્હોટ્સએપ ગ્રુપ બનાવી તેમાં તેમને એડ કરી એક ફાઇલ મોકલી ડાઉનલોડ કરવા કહેવાયુ હતું. વૃધ્ધે આવુ કરતાં જ તેમના ખાતામાંથી રૂપિયા ગાયબ થઇ ગયા હતાં. બીજા કિસ્સામાં એક વેપારીને ડીજીટલ એરેસ્ટ કરી ટ્રાઇના અધિકારીની ઓળખ આપી ચાર લાખ ખંખેરી લેવાયા છે.

રાજ્યભરમાં ઓનલાઇન ફ્રોડની દરરોજ જાહેર થતી ઘટનાઓમાં વધુ બે બનાવ ઉમેરાઇ ગયા છે. પ્રથમ ઘટનાની વિગતો જોઇએ તો વેજલપુરમાં રહેતા તોંતેર વર્ષીય વૃદ્ધને બેંક ઓફ ઈન્ડિયા નામના વોટ્સએપ ગ્રુપમાં એડ કરી તમારૂ ખાતું બંધ ન થઇ જાય માટે આધાર કાર્ડ અપડેટ કરાવવાના બહાને ગઠિયાએ એપીકે ફાઇલ મોકલી ડાઉનલોડ કરાવીને તેમના બેંક એકાઉન્ટમાંથી રૂ.૨૨.૨૦ લાખની ઠગાઇ કરી હતી. આ બનાવ અંગે સાયબર ક્રાઇમ બ્રાન્ચે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વેજલપુર હેમાંગ પાર્ક સોસાયટીમાં રહેતા તોંતેર વર્ષીય પ્રવીણભાઈ પટેલ તેમના પરિવાર સાથે રહે છે અને તેમનું આનંદનગર ખાતે આવેલ બેંકમાં એકાઉન્ટન્ટ છે. પ્રવીણભાઇના વોટ્સએપ પર અજાણ્યા નબંર પરથી બેંક ઓફ ઇન્ડિયાના નામે બનેલા એક ગ્રૂપમાં એડ કરવામાં આવ્યા હતાં.

આ મેસેજ પ્રવીણભાઇએ જોતાં બેંક ઓફ ઇન્ડિયાના એકાઉન્ટ નંબરને આધાર કાર્ડ અપડેટ કરવા માટે કહ્યું હતું. જો આધાર કાર્ડ અપડેટ કરવું હોય તો એક એપીકે ફાઇલ છે. તેને અપલોડ કરવાનું કહ્યું હતું. આથી પ્રવીણભાઇ પટેલે બેંકનું વોટ્સએપ ગ્રૂપ માનીને લીધું હતું. અને તેમમે એપીકે ફાઇલ ડાઉનલોડ કરી હતી. જેમાં તેમને મોબાઇલ નંબર અને તેમના બેંક એકાઉન્ટની વિગત લખી હતી. ત્યારબાદ તેઓ રાત્રે ખબર પડી કે, તેમના બેંકના એકાઉન્ટમાંથી બેથી ત્રણ વખત રૂપિયા ડેબિટ થયા હતા. બીજા દિવસે તેઓએ બેંકમાં જઇને તપાસ કરી તો જાણવા મળ્યું હતું કે, તેમની ફિક્સ ડિપોઝિટના આધારે પાંચ ઓવરડ્રાફટ એકાઉન્ટ ખૂલ્યા છે અને તેમાં રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. ૮૯ જેટલા






અલગ-અલગ ટ્રાન્જેકશન કરી કુલ રૂ.૨૨.૨૦ લાખ ટ્રાન્સફર કરી દેવામાં આવ્યા હતા. આથી તેમણે ઠગાઇનો ભોગ બન્યા અંગેની ફરિયાદ સાયબર ક્રાઇમ બ્રાન્ચમાં નોંધાવી હતી. સિનિયર સિટીઝન સાથે આધારકાર્ડ અપડેટ કરવા ઉપરાંત વિદેશ મોકલેલા પાર્સલમાંથી ડ્રગ્સ મળ્યું હોવાનું કહી ડરાવી પૈસા પડાવવાના કિસ્સામાં વધારો થયો છે.

ડીજીટલ એરેસ્ટ કરી નાણા પડાવવાના અન્ય એક બનાવની વિગતો જોઇએ તો સુરતના ડિંડોલી વિસ્તારમાં રહેતા ઓગણચાલીસ વર્ષીય વેપારી સંદીપ પટેલને ખોટી ઓળખ આપી, સેક્સ્યુઅલ હેરેસમેન્ટ અને નકલી ટ્રાન્ઝેક્શનનો કેસ બતાવી ૪.૨૦ લાખ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી છે. વેપારીના મોબાઈલ પર નકલી સીબીઆઈ અધિકારી અને ટેલિકોમ ઓથોરિટીના નામે સંપર્ક કરીને આ ઘટના અંજામ અપાઈ હતી. ડિંડોલીના ઉમિયા માતા મંદિર પાસે પ્રયોશા ડ્રીમમાં રહેતા સંદીપ પરભુરામભાઈ પટેલને અજાણ્યો કોલ આવ્યો હતો. કોલ કરનાર વ્યક્તિએ પોતાનું નામ અનંતકુમાર જણાવ્યું અને તે ટેલિકોમ ઓથોરિટીના અધિકારી છે તેવું કહ્યું હતું. પછી, સિગ્નલ એપ્લિકેશન મારફતે વિડીયો કોલ કરીને નકલી સીબીઆઈ ઓફિસર તરીકે ઓળખ આપી સંદીપ પટેલને ભૂતકાળના નકલી રૂ. ૫ કરોડના ટ્રાન્ઝેક્શન અને સેક્સ્યુઅલ હેરેસમેન્ટના કેસમાં ફસાવવાની ધમકી આપી.

ત્યારબાદ ટોળકીએ વેપારીને ખોટા દસ્તાવેજો મોકલ્યા અને કેસની ગંભીરતા બતાવી. એ દસ્તાવેજો જોઈને સંદીપ પટેલ ભયભીત થઈ ગયા. આરોપીઓએ દાવો કર્યો કે પટેલના બેંક ખાતામાં ૫ કરોડ રૂપિયાની ગેરકાયદેસર રકમ ટ્રાન્સફર થઈ છે અને આ કારણે તેમની ડિજિટલ એરેસ્ટ કરવામાં આવી છે.

આ ખોટા કેસમાંથી મુક્તિ આપવા માટે ટોળકીએ પટેલ પાસેથી રૂ. ૪.૨૦ લાખની માગણી કરી. પટેલએ આ ધમકીઓથી ભયભીત થઈને રૂ. ૪.૨૦ લાખની રકમ ટ્રાન્સફર કરી દીધી હતી. આ ઘટના બાદ પટેલને જાણ થઈ કે તેઓ સાથે છેતરપિંડી થઈ છે. તેમણે પોલીસને જાણ કરતાં તપાસ શરૂ થઇ છે.

# નેક્સસના બાકીર ગાંધી અને ટાઉન પ્લાનિંગ વિભાગની સાંઠગાંઠ લાવશે નવો વળાંક ?

## માર્ગ અને મકાન વિભાગનો સ્પષ્ટ અભિપ્રાય બાંધકામ ગેરકાયદે : હવે શું મનપા ફેરવશે બુલડોઝર કે કરશે ફરી એક વખત આંખ- આડા કાન



રાજકોટ, તા. ૨૮

ટીઆરપી અગ્નિકાંડ બાદ લાગતું હતું કે હવે ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા નક્કર કામગીરી કરવામાં આવશે પરંતુ એ માત્ર સ્વપન જ રહ્યું કારણ કે ટાઉન પ્લાનિંગ શાખાના બિનપ્રતિદિન નવાજ કૌભાંડો સામે આવી રહ્યા છે. માધાપર ચોકડી પાસે આવેલા નેક્સેસ બિલ્ડીંગ પણ ગેરકાયદે હોવાનું સાબિત થયું એટલું જ નહીં નેક્સેસ બિલ્ડીંગના બાકીર ગાંધી દ્વારા ટાઉન પ્લાનિંગ શાખા સાથેની સાઠગાંઠના અનેક પ્રશ્નો ઉભા થયા છે એટલું નહીં માર્ગને મકાન વિભાગ એ પણ સ્પષ્ટ અભિપ્રાય આપી દીધો છે કે જે બિલ્ડીંગ ઊભું કરવામાં આવ્યું છે તે ગેરકાયદે છે.

રાજકોટ મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા ઘીના ઠામમાં ઘી પડી જાય તે રીતે કામગીરી કરી એટલું જ નહીં બાકીર ગાંધીએ નવ માળની લોખંડની સીડી પણ ઉભી કરી દીધી છે સામે સ્ટ્રકચરલ સ્ટેબિલિટી રિપોર્ટ હજી આવ્યો છે કે કેમ તે પણ અનેક પ્રશ્નો ઊભા કરે છે. જીડીસીઆરના નિયમને જો ધ્યાને લેવામાં આવે તો ૬૦ મીટર એ બાંધકામ થવું જોઈએ પરંતુ નેક્સ્ટ બિલ્ડીંગ ના માલિકે ૪૦ મીટર એ જ બાંધકામ કરી દીધું છે જે સ્પષ્ટ સૂચવે છે કે બાકીનું કનેક્શન ટીપી વિભાગ સાથે ખૂબ ગાઢ છે. ત્યારે તજજ્ઞોના મતે ટાઉન પ્લાનિંગ વિભાગ એટલી હદે ભ્રષ્ટ હોવાનું મનાઈ રહ્યું છે કે જીડીસીઆરના નિયમોનો પણ ઉલાળીયો ખુબ સરળતાથી બિલ્ડરો અને ટાઉન પ્લાનિંગ વિભાગના અધિકારીઓ કરી રહ્યા છે.

સંબંધિત વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર જ્યારે પણ પ્લાન રિવાઇઝ કરવામાં આવે તો પ્રોગ્રેસ રિપોર્ટ આપવો પડે છે એટલું જ નહીં હાઇરાઇઝ બિલ્ડીંગો અને કોમર્શિયલ બિલ્ડીંગમાં દરેક સ્લેબ ભરવામાં આવે ત્યારે પ્રોગ્રેસ રિપોર્ટ આપવો પડે પરંતુ બાકીર ગાંધી દ્વારા આજ દિન સુધી વિભાગને એક પણ પ્રકારનો રિપોર્ટ આપવામાં આવ્યો નથી તો બીજી તરફ ટાઉન પ્લાનિંગ વિભાગના મળતાવળા અધિકારીઓ દ્વારા પણ આ અંગે રિપોર્ટ મંગાયો જે એક નહીં અનેક પ્રશ્નો ઊભા કરે છે. હવે શું મહાનગરપાલિકા આ ગેરકાયદે બાંધકામને તોડશે કે કેમ કારણકે માર્ગ અને મકાન વિભાગ એ પણ સ્પષ્ટ અભિપ્રાય આપી દીધો છે કે જે બાંધકામ ખડકી દેવામાં આવ્યું છે તે સંપૂર્ણ ગેરકાયદે છે ત્યારે જોવાનું એ રહ્યું કે મહાનગરપાલિકા આકરું વલણ દાખવે છે કે કેમ ?

આ અંગે હાલના ટાઉન પ્લાનિંગ અધિકારી પણ મગનું નામ મરી પાડતા નથી ત્યારે હવે પ્રશ્ન એ ઊભો થયો છે કે શું માત્ર નેક્સસ જ કે અન્ય કોમર્શિયલ પ્રોજેક્ટમાં પણ ટાઉટલાની વિભાગની સાત ગાંઠ હોઈ શકે છે આ અંગે જો યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તો સાચું ચિત્ર બહાર આવે.

# નાઈટ મેરેથોન : ૫૦૦૦ દોડવીરોએ મૂકી દોટ

## ૧૮૩ શહેર અને ૨૨ રાજ્યોમાંથી ૨૫૦ થી વધુ દોડવીરોએ લીધો ભાગ : ૧૩ લાખથી વધુના લાખેણા ઈનામ








રાજકોટ, તા. ૨૮

ચાલવાથી શારીરિક સ્વાસ્થ્યની સાથે માનસિક સ્વાસ્થ્ય પણ વધે છે. ઘણા લોકો દોડવાને વધુ મહત્વ આપે છે અને તેને સ્વાસ્થ્ય માટે ફાયદાકારક માને છે. દોડવું એ ચાલવાનું એક તીવ્ર સ્વરૂપ પણ ગણી શકાય અને તે ફાયદા પણ આપે છે. જો કે, મોટાભાગના લોકો સારા સ્વાસ્થ્ય માટે દરરોજ દોડવું કે ચાલવું જોઈએ તે અંગે મૂંઝવણમાં રહે છે. આ તમામ મુદ્દાઓને ધ્યાને લઈ રાજકોટ નહીં સમગ્ર દેશમાં વિવિધ મેરાથન નું આયોજન થતું હોય છે ત્યારે ગઈકાલે શહેરમાં નાઈટ મેરેથન યોજાઇ હતી જે માટે અત્યંત ગંભીરતાપૂર્વક આયોજકો દ્વારા મહેનત કરવામાં આવી અને દોડવીરોને કોઈ પણ પ્રકારની તકલીફનો સામનો ન કરવો પડે તે માટેની વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવી છે.

રાજકોટ રનર્સ એસોસીએશન અને રોટરી કલ્બ ઓફ રાજકોટ ગ્રેટરના સંયુકત ઉપક્રમે રાજકોટમાં બીજી વાર યુવાધનને સ્વાસ્થ્ય અને હેલ્ધી લાઈફ સ્ટાઈલ પ્રત્યે જાગૃત કરવા, તેમજ સમાજીક અને પર્યાવરણ સંરક્ષણની બાબતો અંગે પ્રોત્સાહીત કરવાના ઉમદા ઉદ્દેશ સાથે નાઈટ હાફ મેરેથોન ૨૦ નું ભવ્ય આયોજન મહાનગરપાલીકા અને પોલીસના સહયોગથી કરવામાં આવ્યું.

દશેરાના શુભ દિવસથી શરૂ થયેલ રજીસ્ટ્રેશનને અપ્રતિમ પ્રતિસાદ સાંપડી હતો અને યોજાયેલી દોડમાં ૫,૦૦૦ થી વધુ દોડવીરો દોડ્યા હતા. આ વખતની નાઈટ હાફ મેરેથોનમાં ડ્રગ્સના સેવન વિરુદ્ધ જાગરુકતા લાવવા, ઓનલાઇન ફ્રોડથી બચવા, ટ્રાફીક નિયમોના પાલન અંગે, તેમજ વૃક્ષોનું જતન અને શહેરની સ્વચ્છતા જેવા સંદેશા અને વિષયવસ્તુઓને કેન્દ્રમાં રાખીને લોકજાગૃતિ ફેલાવવાનો ઉદ્દેશ રહેલો છે. આયોજીત આ મેરેથોનમાં રાજકોટ, સૌરાષ્ટ્ર ઉપરાંત દેશ અને વિદેશમાંથી ૨૧ કિમી ની હાફ મેરેથોન અને ૧૦ કિમી ડ્રીમ રન એમ બે કેટેગરીમાં દોડવીરોએ ભાગ લીધો હતો . જેમાં સ્પર્ધકોનુ રીયલ ટાઇમ મોનીટરીંગ અને સમયની નોંધ લઈ વિજેતા ઘોષિત કરવામાં આવ્યા. વિજેતાઓને રુ. ૧૩ લાખથી વધુના ઇનામો અને ટ્રોફી એનાયત કરવામાં આવશે. આ વર્ષે ખાસ કરીને રાજકોટની જનતાને પ્રોત્સાહિત કરવા માટે અલગ કેટેગરી બનાવવામાં આવી છે, જે અનુસાર રાજકોટના દોડવીરોને વિશેષ ઈનામો એનાયત કરવામાં આવ્યા.

મળતી માહિતી મુજબ આ વખતે પેપરલેસ પ્રોસેસ કરવામાં આવી હતી એટલું નહીં રાષ્ટ્રીય દોડવીરો પણ આ દોડમાં સહભાગી બન્યા જેમાં ૧૮૩ શહેરોમાંથી અને કુલ ૨૨ રાજ્યોમાંથી ૨૫૦થી વધુ રનર્સ આવ્યા હતા. દોડવું તે શરીર માટે ખૂબ ઉપયોગી છે.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# ના-રાજીનામાં

## રાજકોટ મહાપાલિકાનો હરીરસ ખાટો : ૧૮ અધિકારીઓના રાજીનામાં



સરકારી નોકરી અસંખ્ય લોકોનું સ્વપન હોય છે. આ માટે મહેનત કરવાથી માંડીને સેટિંગ કરવા લોકો તૈયાર થઈ જાય છે. સરકારી નોકરી ન મળે તો ઘણા લોકોને આઘાત લાગે છે અને ન કરવાનું કરી બેસે છે. જોકે રાજકોટ મહાનગરપાલિકામાં ઊંધો પ્રવાહ ચાલે છે.

અધિકારીઓ આરએમસી છોડવા તત્પર રહે છે. ઘણા અધિકારીઓ તો રાજકોટ મહાપાલિકા છોડવા કાવા દાવા કરી રહ્યા છે. એક આંક પ્રમાણે રાજકોટમાં છેલ્લા સાત મહિનામાં ૧૮ અધિકારીઓએ રાજીનામાં આપી દીધા છે. આ બાબત સામાન્ય ગણી ન શકાય. અધિકારીઓને પદ, પાવર, પૈસા બધું જ મળે છે છતાં એ બધું મૂકીને ભાગવાવાળી કરવા લાગે એ રહસ્યમય બાબત નથી ?

વ્યક્તિગત કારણોને બાદ કરતાં નોકરી મૂકીને ભાગવાના મુખ્ય બે કારણો હોઈ શકે છે. પ્રથમ જવાબદારી પૂર્વક કામ કરવાની વૃત્તિનો અભાવ અને બીજો મહાપાલિકાનો વહીવટ ભયાવહ ગંદકીથી ખદબદે છે, જેમાં કોઈ સારા અધિકારી રિયલ વર્ક કરી જ ન શકે.

નોકરી છોડવાનો સતત પ્રવાહ ચાલતો રહે તેનું કારણ શું છે ? આ સવાલ ના જવાબ માટે નિષ્ઠાપૂર્વક તપાસ થવી જોઈએ. તપાસની માગણી કોંગ્રેસે કરી છે પણ એમનો દ્રષ્ટિકોણ રાજકીય હોઈ શકે છે. આ મુદ્દો વાસ્તવમાં ગંભીર છે તે અંગેની તપાસ કરીને કારણો જાહેર કરવા જોઈએ.

જાણકારો કહે છે કે ટીઆરપી અગ્નિકાંડ બાદ અધિકારીઓનો રાજકોટમાં પાલિકાથી હરીરસ ખાટો થઈ ગયો છે. અગ્નિકાંડ રાજકોટ માટે કલંકિત બની ગયો છે. મહાપાલિકાના ભષ્ટ તંત્રનો પર્દાફાશ થઈ ચૂક્યો છે. ટોચના અધિકારીઓ અંદર થઈ ગયા છે. નેતાગીરીને છાંટા ઉડ્યા પણ લગભગ બધા સલામત છે. અગ્નિકાંડ અંગે કોર્ટની કાર્યવાહી ચાલી રહી છે.

આ કલંકિત મુદ્દે હજુ અંદરખાને ભેદી હિલચાલ દેખાઈ રહી છે. નવા અધિકારીઓને પણ કોકડું ઉકેલવાની જવાબદારી સોપાતી હશે. આ જોખમી જવાબદારીથી કંટાળીને અધિકારીઓ ભાગી જતા હશે. બીજી શક્યતા એ પણ છે કે અગ્નિકાંડની બદનામી ના કારણે ''ઉપરવાળા''ની વોચ રાજકોટ મહાપાલિકા પર છે. નવા અધિકારી માટે ગરબડ કે સેટિંગ કરવા અઘરા છે. આ કારણે રાજકોટમાં પાલિકાની નોકરી મલાઈ વાળી નથી તેથી અધિકારીઓ છોડી દે છે.

આમાંથી કોઈ પણ કારણ હોય રાજકોટના હિત માટે સારા સંકેત નથી. કંઈક એવું રંધાઈ રહ્યું છે કે અધિકારી ભૂખ્યો હોય છતાં ચાખવા પણ રોકાતો નથી. આ રહસ્ય પરથી પડદો ઊંચકાય તેવી સંભાવના ઓછી છે. રાજકોટ વાસીઓ માટે આદર્શ સ્થિતિ નથી પણ..

!! લાખ રૂપિયાની વાત !!

જીવવાની મજા તો ત્યારે આવે
જ્યારે તમને ખબર હોય કે લોકો
તમારો ઉપયોગ કરી રહ્યા છે,.
તેમ છતાં તમે નિસ્વાર્થ
ખર્ચાઈ રહ્યા હોવ,..

અંજામની ખબર તો સાહેબ
કર્ણને પણ હતી પણ વાત
સંબંધ નિભાવવાની હતી,..
શબ્દો ને બે જ જણા ઢંગથી
વાંચે છે એક "જ્ઞાન મેળવનાર" ને
બીજો "ભુલો શોધનાર",..

પૂ ભક્તિ સ્વામીજી
પ્રમુખ શ્રી અખિલ ભારતીય સંત સમિતિ રાજકોટ જિલ્લા



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# ચેક બાઉન્સના ૪૩ લાખથી વધુ કેસો પેન્ડિંગ

## ચેક બાઉન્સના મામલામાં વિલંબના ઘણા કારણો : ૪.૭૩ લાખ કેસ સાથે ગુજરાત ત્રીજા ક્રમે



નવીદિલ્હી, તા.૨૮

ભારતની ન્યાય પ્રણાલી સમગ્ર વિશ્વમાં ખૂબ મોટી અને ખૂબ જ જટિલ માનવામાં આવે છે. કોર્ટમાં પેન્ડિંગ કેસ એક પ્રકારના પડકારો રજૂ કરે છે. આ સંદર્ભમાં, એક ચોંકાવનારો આંકડો સામે આવ્યો છે કે ૧૮ ડિસેમ્બર સુધી દેશભરની વિવિધ અદાલતોમાં ૪૩ લાખથી વધુ ચેક બાઉન્સ કેસ પેન્ડિંગ છે. રાજસ્થાન આ મામલે ટોચ પર છે, જ્યાં ૬.૪ લાખથી વધુ કેસ પેન્ડિંગ છે. આ પછી મહારાષ્ટ્ર, ગુજરાત, દિલ્હી, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળ આવે છે. ટ્રાફિક ચલણ અને ચેક બાઉન્સના કેસો મળીને મોટી સંખ્યામાં કોર્ટમાં પેન્ડિંગ કેસો બનાવે છે. જોકે, સરકારે ટ્રાફિક ચલાનની ચુકવણી માટે વર્ચ્યુઅલ કોર્ટની સુવિધા શરૂ કરી છે.

ચેક બાઉન્સના કેસો સામાન્ય અદાલતોમાં ચલાવવામાં આવે છે કારણ કે તે ગુનાહિત સ્વભાવના હોય છે. મળતી માહિતી મુજબ તાજેતરમાં કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલે સંસદમાં જણાવ્યું હતું કે ચેક બાઉન્સના મામલામાં વિલંબના ઘણા કારણો છે. આમાં વારંવાર સ્થગિત થવું, કેસોની દેખરેખ અને સુનાવણી માટે યોગ્ય વ્યવસ્થાનો અભાવ અને વિવિધ કેસોના નિકાલ માટે સમય મર્યાદાનો અભાવ સામેલ છે. આ સમસ્યાઓ કેસોના નિકાલમાં મોટો અવરોધ બની જાય છે. કાયદા મંત્રીએ એમ પણ કહ્યું કે અદાલતોમાં કેસોના નિકાલની ઝડપ ઘણા પરિબળો પર આધારિત છે. તેમાં ભૌતિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કોર્ટ સપોર્ટ સ્ટાફ, કેસની જટિલતા, પુરાવાનો પ્રકાર, સાક્ષીઓ અને પક્ષકારોનો સહકાર અને નિયમો અને પ્રક્રિયાઓનું યોગ્ય પાલન સામેલ છે.

ચેક બાઉન્સના કેસોમાં વિલંબને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટે ૧૦ માર્ચ, ૨૦૨૧ના રોજ ૧૦ સભ્યોની સમિતિની રચના કરી હતી. આ સમિતિનો ઉદ્દેશ્ય આ કેસોના ઝડપી નિકાલ માટે જરૂરી પગલાઓનો અભ્યાસ કરવાનો હતો. સમિતિએ વિશેષ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ કોર્ટની રચના કરવાની ભલામણ કરી હતી. ઉપરાંત, પાંચ રાજ્યો મહારાષ્ટ્ર, રાજસ્થાન, ગુજરાત, દિલ્હી અને ઉત્તર પ્રદેશના પાંચ જિલ્લાઓમાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે વિશેષ અદાલતોની સ્થાપના કરવાનું સૂચન કરવામાં આવ્યું હતું. ૧૯ મે, ૨૦૨૨ના રોજ સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો હતો કે આ પાયલોટ કોર્ટ એક વર્ષ માટે ચલાવવામાં આવે. પાંચ રાજ્યોના પાંચ જિલ્લાઓમાં ૨૫ વિશેષ અદાલતોની સ્થાપના કરવામાં આવી હતી. જો કે, આ અદાલતોની પ્રગતિ અને તારણો અંગે હજુ સુધી કોઈ વિગતવાર માહિતી ઉપલબ્ધ નથી. ચેક બાઉન્સના કેસોના ઝડપી નિકાલ માટે આ પ્રોજેક્ટના પરિણામો મહત્વપૂર્ણ રહેશે.

સરકારે ટ્રાફિક ચલણ ચૂકવવા માટે વર્ચ્યુઅલ કોર્ટની રજૂઆત કરી છે, પરંતુ ચેક બાઉન્સના કેસોમાં તેમના ગુનાહિત સ્વભાવને કારણે નિયમિત અદાલતી કાર્યવાહીની જરૂર પડે છે, જેમાં પુરાવા રેકોર્ડ કરવા અને સાક્ષીઓ રજૂ કરવા સામેલ છે. કાયદા પ્રધાન અર્જુન રામ મેઘવાલે આ કેસોના નિકાલમાં વિલંબ માટે વારંવાર સ્થગિત થવું, અપૂરતું મોનિટરિંગ અને નિયત સમયમર્યાદાનો અભાવ જેવા પરિબળોને જવાબદાર ઠેરવ્યા છે.

સુપ્રીમ કોર્ટે માર્ચ ૨૦૨૧માં નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ કેસોના ઝડપી નિકાલની રીતો શોધવા માટે ૧૦ સભ્યોની સમિતિની રચના કરી હતી. સમિતિએ સ્પેશિયલ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ કોર્ટની સ્થાપના કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. યોજનાની સંભવિતતાનું મૂલ્યાંકન કરવા માટે મહારાષ્ટ્ર, રાજસ્થાન, ગુજરાત, દિલ્હી અને યુપીના પાંચ ન્યાયિક જિલ્લાઓમાં પ્રાયોગિક અભ્યાસ સૂચવવામાં આવ્યો હતો.

મે ૨૦૨૨ માં, સર્વોચ્ચ અદાલતે એક વર્ષ માટે ૨૫ વિશેષ અદાલતોમાં પાયલોટ અભ્યાસ હાથ ધરવાનો નિર્દેશ આપ્યો હતો. જો કે, કોર્ટના તારણોની પ્રગતિ અસ્પષ્ટ રહે છે.

## નાના મોટા કારણોસર એક બીજાને પતાવી દેવાની રોજીંદી ઘટનાઓ વચ્ચે વધુ બે લોથ ઢળી

# દારૂડીયાએ પત્નિને પલંગમાં અથડાવી મોતને ઘાટ ઉતારી

## બીજા બનાવમાં જુની અદાવતમાં ખાર રાખી યુવાનને કાતરના ઘા ઝીંકી રહેંસી નંખાયો



**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૮**

રાજકોટ: નહિ જેવી વાતે અથવા તો જુની માથાકુટોને કારણે મારામારી, હત્યા, હત્યાના પ્રયાસની બનતી રહેતી ઘટનાઓ વચ્ચે વધુ બે હત્યાની ઘટના ઘટી ચુકી છે. જેમાં એક દારૂડીયા શખ્સે નશાની હાલતમાં ઝઘડો કરી પોતાની પત્નિને તમાચા માર્યા બાદ પલંગ સાથે માથું અથડાવી મોતને ઘાટ ઉતારી દીધી હતી. બીજા બનાવમાં એક યુવાનની ક્રુર હત્યા થઇ છે. જેમાં યુવાનને કાતરના ઘા મારી પતાવી દેવાયો હતો. જુની અદાવતનો ખાર રાખી આ હત્યાને અંજામ અપાયો હતો. હત્યા કરનાર શખ્સ માદક પદાર્થનો વેપલો કરતો હોવાની વાત સામે આવતાં પોલીસે તપાસ શરૂ કરી છે. રાજ્યભરમાં આ પ્રકારની ઘટનાઓ રોજીંદી બની ચુકી છે. જેમાં નહિ જેવી વાતે લોકો એક બીજાના લોહીના તરસ્યા બની જાય છે.

હત્યાની પ્રથમ ઘટના પર નજર કરીએ તો સુરતના સચિન વિસ્તારમાં રહેતા દંપતી વચ્ચે દારૂ પીવાની બાબતે ઝઘડો થયા બાદ પતિએ પત્નિની હત્યા નિપજાવી દેતા ચકચાર મચી છે. રાત્રિના સમયે દારૂ પીવાની આદત બાબતે પત્નિએ ઠપકો આપતા દંપતી વચ્ચે ઝઘડો થયો હતો. ત્યારબાદ પતિએ હત્યા કરી હતી. પરિવારે જણાવ્યું હતું કે ઘટના રાત્રે બની હતી. દયારામ યાદવ કામ પરથી દારૂના નશામાં ચૂર બની ઘરે આવ્યો હતો. જેથી પત્નિ અનસૂયાએ માત્ર એટલું જ કહ્યું હતું કે તુંમ દારૂ બહુત પીતા હે, બસ આજ વાત પર દયારામે પત્નિને ફટકારી હતી અને પલંગમાં માથુ અથડાવી દીધુ હતું. ત્યારબાદ સુઈ ગયો હતો. જોકે સવારે ઉંઘ ઉડતા જ પત્નિ બેડ પર બેભાન હાલતમાં જોઈ દયારામના હોશ ઉડી ગયા હતા. તાત્કાલિક ૧૦૮ની મદદથી પત્નિ અનસૂયાને સુરત સિવિલ લઈ આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબોએ અનસૂયાને મૃત જાહેર કરતા પોલીસને જાણ કરાઈ હતી.

વધુ માહિતી અનુસાર હોજીવાલા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના રોડ નં. ૨૦ના ક્રિષ્ના પ્લાસ્ટિક નામના કારખાનામાં પેકિંગનું કામ કરતી ઓગણત્રીસ વર્ષિય અનસુયા ઉર્ફે નૈમતી દયારામ ચૈતુ યાદવ (મુળ રહે. કૌઅઝરી મોલ, તા. શાહીપુરા, ઢીંડોરી, મધ્યપ્રદેશ)ને પોતાની સાથે જ કારખાનામાં મશીન ઓપરેટર તરીકે નોકરી કરતા પતિ સાથે ઝઘડો થયો હતો. અનસુયાની પાછળની રૂમમાં જ રહેતા તેની બહેન ઓમબાઈ અને બનેવી નરેશ ધાનીરામ યાદવે ઝઘડાનો અવાજ સાંભળ્યો હતો. પરંતુ ચારિત્રય અંગે શંકા રાખી દયારામ વચ્ચે રોજબરોજ ઝઘડો કરતો હોવાથી ઝઘડાને નજર અંદાજ કરી તેઓ સુઇ ગયા હતા. સવારે દયારામે ઓમબાઈને કહ્યું હતું કે,રાતે અનસુયા સાથે ઝઘડો થયો અને મેં તેને બે-ત્રણ તમાચા માર્યા બાદ પલંગ સાથે માથું જોરથી ભટકાડયા બાદ અમે બંને સુઈ ગયા હતા. પરંતુ અનસુયા ઉઠતી નથી જેથી ઓમબાઈ તુરંત જ પતિ નરેશને જાણ કરવાની સાથે દયારામની રૂમમાં દોડી ગઇ હતી. જયાં અનસુયા મૃત હાલતમાં હોવાથી તુરંત જ સચિન પોલીસને જાણ કરી હતી.

પોલીસ પાસેથી મળતી માહિતીઅનુસાર પતિએ પત્નિને દારૂના નશામાં બેથી ત્રણ તમાચા માર્યા બાદ તેનું માથું ખાટલા સાથે અથડાવતા ગંભીર ઈજા થઈ હતી. જેથી પત્નિનું મોત થયું હોવાનું સામે આવ્યું છે. જેથી પોલીસે પતિ દયારામ સામે પત્નીની હત્યાનો ગુનો દાખલ કરીને ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે દયારામ અને અનસુયાના વર્ષ ૨૦૦૮માં લગ્ન થયા હતા અને સંતાનમાં બે પુત્ર છે જેઓ વતનમાં રહે છે.

હત્યાની બીજી ઘટનામાં સુરતના પાંડેસરા વિસ્તારમાં આવેલા હેલ્થ સેન્ટરની ગલીમાં એક યુવકની જૂની અદાવતમાં હત્યા નિપજાવવામાં આવતા ચકચાર મચી છે. હત્યા નિપજાવનાર આરોપી ગાંજાનો ધંધો કરતો હોવાનો મૃતકના પરિવાર દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી હતી. હેલ્થ સેન્ટરની ગલીમાં મૃતક દિપક રવિન્દ્ર અને તેના મિત્ર દિપકસિંહ ઉર્ફે બાટલા બેઠા હતા ત્યારે આરોપી ક્રિષ્ના તિવારી અને મનીષ પ્રજાપતિ ત્યાં આવ્યા. બંને પક્ષો વચ્ચે પહેલા થયેલા ઝઘડાની અદાવતને કારણે બોલાચાલી શરૂ થઈ હતી. આરોપી ક્રિષ્ના તિવારીએ દિપક સાવને પકડી રાખ્યો અને મનીષ -જાપતિએ પોતાની પાસે રહેલી કાતર વડે દિપકના મોઢા, ગળા, છાતી અને પીઠ પર ઘા મારીને ગંભીર રીતે ઈજા કરી. આ જીવલેણ હુમલાના પગલે દિપક લોહી લુહાણ હાલતમાં પડી ગયો હતો અને આરોપીઓ ભાગી છૂટ્યા હતા. હત્યાનો ભોગ બનનારની પત્નિ શ્રીકાંતીકુમારીએ પોલીસમાં ફરીયાદ નોંધાવી છે. તેમણે જણાવ્યું કે તેમના પતિનો આ હુમલા પહેલાં ઝઘડો થયો હતો, જેના કારણે આ અદાવતની શરૂઆત થઈ હતી. આ ઘટના બાદ પાંડેસરા પોલીસ સ્ટેશનમાં હત્યાની ફરિયાદ નોંધાઈ છે. આક્ષેપ પણ કરાયો છે કે હત્યારાઓ ગાંજા ના ધંધા સાથે સંકળાયેલા છે. મૃતક દીપક જીઆઈડીસીમાં મજૂરી કામ કરતો હતો.પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે દિપક સાવ અને આરોપીઓ વચ્ચે અગાઉ કોઈ વ્યક્તિગત વિવાદ થયો હતો. આ વિવાદ ઝઘડામાં ફેરવાતાં અને અદાવતનું કારણ બનતાં દિપકની હત્યા થઈ હતી.

આમ વધુ બે ખૂનની ઘટના સામે આવી હતી.

## શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

# સરિતા કાયમ સાગરની!

## પ્રારબ્ધ એટલે ધન દોલત નહીં પણ ઈશ્વર સન્મુખ થવા માટે કોઈ સાધુ નો સંગ થવો



સાગર આજે બહુ અસ્વસ્થ દેખાતો હતો ક્યાંય સુધી સરિતા તેને અવલોકી રહી, ઉઠ્યો ફ્રેશ થયો,પણ યંત્રવત બધી જ ક્રિયાઓ કરી, અને ડાઈનિંગ ટેબલ પર નાસ્તા માટે આવ્યો. પરંતુ પોતાનો મનપસંદ નાસ્તો હોવા છતાં, કંઈ જ બોલ્યા વગર ચૂપચાપ નાસ્તો કરી ઓફિસ જવા રવાના થતો હતો, ત્યાં સરિતાએ યાદ દેવડાવ્યું કે આજે ઘણા બધાં બિલ ભરવાની છેલ્લી તારીખ છે, એટલે જ્ઞક્ષહશક્ષય બિલ ભરી દેજે. ઉપરાંત બીજી પણ ઘણી બધી સૂચનાઓ આપી. પરંતુ મૂક બધિર વ્યક્તિની જેમ કોઈ જ ભાવ વગર સાગર ચાલ્યો ગયો, તેથી હવે સરિતા માટે ખરેખર ચિંતાનો વિષય થઈ ગયો. તેને કેમે કરીને ચેન પડતું ન હતું, કારણ કે અત્યંત રમૂજી અને તોફાની સ્વભાવનો તેનો આ નાદાન પતિ આજે સાવ શાંત કેમ છે?? સાગરને વળી શાંત રહેવું કેમ પોસાય? તેને તો ભરતી ઓટના મોજા સાથે ઉછળવુ જ પડે!! તેણે પતિનો મૂડ ચેન્જ કરવા, બે-ત્રણ સરસ પ્લાન તૈયાર કર્યા, મુવી જોવા જવું!! કે ડિનર પાર્ટી કરવી!! એવું કંઈક કે જે સાગરને અત્યંત પ્રિય હોય. મસ્ત મજાની કેક બનાવી અને તે પતિની રાહ જોઈ રહી હતી, અને હફતબિંશાવિંમકુ પર સાગરે જે જે વનપીસ ગિફ્ટ આપ્યું હતું, તે તેણે પહેર્યું હતું. સરિતા ખુબ જ સુંદર લાગતી હતી, તે અરીસામાં મેકઅપ કરતી કરતી વિચારતી હતી કે, શું સાગરને તેનો આ લુક પસંદ આવશે!! અથવા તો તેનું માઈન્ડ ચેન્જ થઇ જશે કે નહીં? થોડીવારમાં સાગર થાકીને લોથપોથ થઈ ઘરે આવ્યો, તેણે સરિતા તરફ જોયું પણ નહિ, અને રુમમાં જઈને આમનામ જ બેડ પર પટકાયો. સરિતા દોડાદોડ પાછળ આવી, તેણે આ દ્રશ્ય જોયું સાગર હાંફતો હતો. તાત્કાલિક તેણે તેને પંપ આપ્યો અને શાંત કર્યો.પોતે મનો વિજ્ઞાન સાથે પારંગત થઈ હોવાથી,આ ઘટના કંઈક જુદી જ છે, તેઓ તરત અંદાજ આવી ગયો, અને સાગરને સાવ નોર્મલ ઘેનનો ડોઝ આપી સુવાડી દીધો. પછી પછી પોતે રેગ્યુલર વેર માં આવી ગઈ, અને તે અડધી અડધી કલાકે તેનું નિરીક્ષણ કરતી હતી. કપાળની રેખાઓ હજી પણ તંગ હતી, વળી એક કલાક પછી જોવા ગઈ તો, હવે થોડો અંદરથી પણ શાંત થયો હોય, એ રીતે તેની મુદ્રા હતી. આમ ચાર કલાકની અંદર પછી સાગર નોર્મલ થયો, અને આળસ મરડીને સરુ! સરુ! ક્યાં છો!! એમ સાદ પાડી ઊઠ્યો, પતિનો અવાજ સાંભળી અને સરિતા દોડી ને રૂમમાં આવી. સાગર ને બિલકુલ નોર્મલ જોઈ તેને અંદરથી હાશ થઈ, પછી બંને જણા જમ્યાં. સરિતા કિચનનું કામ કરતી હતી ત્યાં સાગર પાણી પીવા ફ્રીઝ ખોલે છે, અને કેક જોતા જ પૂછે છે, આ ક્યા સરપ્રાઈઝ માટે છે!! સરિતા ચૂપ રહે છે, કારણ કે તરત ને તરત તેને કહેવું કે નહીં એ હજી વિચારવું પડશે.

સરિતા બહાર આવી, સરિતાને જોઈ સાગર બોલ્યો, ચાલને આપણે લોંગ ડ્રાઈવ પર જઈએ!! સવિતા પતિના વાળની લટને રમાડતા બોલી કંઈ ખુશીમાં!! આવતી કાલે રજા છે!! સાગર ખિજાઈને બોલ્યો ઓહ ફેરવી દીધી ને મુડની પથારી!! સરિતા બોલી ચાલો કંઈ નહિ આવતી કાલે જઈશું, પરમ દિવસે સન્ડે છે એટલે રજાની મજા!! પરંતુ આજે થોડી વાતો કરીએ.

સાગર શું થયું હતું!! આજે તું કેમ ઉદાસ ઉદાસ અને ચિંતા વાળો સવારથી લાગતો હતો! એ ચિંતાથી તો દૂર જવા ક્યાંક આઉટીંગ કરવા જવું હતું!! સાગર નોર્મલ લાગતા તેણે જીદ કરી,કે કહો તો ખરા શું થયું હતું!

સાગરે કહ્યું એ તો રાતમાં એવું ભયાનક સ્વપન આવ્યું હતું કે ડર લાગી ગયો,સરિતા બોલી એમ!! એવું તે વળી કયું સ્વપન કે, મારા સાહસિક અને બહાદુર પતિને ડરાવી ગયું, જરા હું પણ સાંભળું!! સાગર એ કહ્યું આવતા મહિને આપણી મેરેજ એનિવર્સરી આવે છે, તો આપણે તારી ઈચ્છાથી લક્ષ્યદીપ ફરવા ગયા. દરિયાકાંઠો અને ત્યાં આસપાસનું સૌંદર્ય જોઈને તું તો ગાંડી જ થઈ ગઈ, અને તને દરિયા સાથે કાયમનું ખેંચાણ એટલે તો આ સાગર નામના પતિને પસંદ કર્યો. પરંતુ મારે અને પાણીને થોડું આડવેર, એટલે હું ગભરાતો ડરતો તને સાથ આપતો હતો, એમાં પણ તે પાછી નાહવાની અને એવી બધી કઈક જીદ કરી. હું તો દૂરથી પણ એટલો ડરતો હતો છતાં, તને ઓછું ન આવે એટલે તારી સાથે ફરતો હતો, અને એક દિવસ ત્યાં બીચ પર ફરતા હતા, અને તે સ્કુબા ડ્રાઈવ ની જીદ કરી, અને મેં કેટલીય ના પાડી, તું એકલી જા!! એમ પણ કહ્યું છતાં તું ન માની, અને મેં તારી જીદ આગળ નમતું મુક્યું.અંતે આપણી સ્કુબા ડ્રાઈવ શરૂ થઈ, સમુદ્ર અંદરથી પણ ખુબ જ રળિયામણો લાગતો હતો. સ્ટાર્સ ફિશ, અને જેલીફિશ જેવી માછલીઓ તો જલજ વનસ્પતિઓ, એનાકોન્ડા, ઓક્ટોપસ શંખ,પાચેલા,છીપ, અને નાની મોટી બીજી પણ કંઈક માછલીઓ ક્યાંક ખડક અને પહાડ જેવું પણ વચ્ચે આવતું હતું, સાથે આવેલો ગાઈડ તેનું વર્ણન કરતો હતો, કે આ પ્રકારની વનસ્પતિ છે, આ પ્રકારની માછલી છે, આ પરવાળાનો ટાપુ છે, વગેરે વગેરે, અને આપણે અંદર જતા જ ગયાં, જાણે પાતાળે પહોંચ્યા હોય તેમ એકદમ સપાટ તટ પણ આવ્યો, અને અચાનક બંને વિખુટા પડી ગયાં, તું તો જાણે છે મને પાણી નો કેટલો ડર લાગે છે. ઓક્સિજન સિલિન્ડર પણ ખાલી થઈ જવા આવ્યો હતો. મને મારું મૃત્યુ સામે જ દેખાતું હતું, એ વાતનો પણ કોઈ ગમ ન હતો. પરંતુ મારી સરુ મારી પાસે ન હતી, એ એનાથી પણ વધુ દર્દનાક લાગતું હતું. થોડી વારમાં એક મહાકાય માછલી કે મગર સાથે મેં તને અથડાતા જોઈ, અને એ મગરે મોઢું ફાડી તારો શિકાર કરી લીધો, એવું મેં સપનામાં જોયું, બોલ હવે મને કેમ ચેન પડે!! મારી સરુ વગર તો એક દિવસ પણ હું જીવી ન શકું. સરિતા ને પોતાના ભલા ભોળા પતિ પર વ્હાલ આવી ગયું, અને તે તેને ભેટી પડતાં બોલી, મારા વ્હાલા સાગરની સરુ એને છોડીને ક્યાંય કોઈ દિવસ જવાની નથી, અને જશે પણ નહીં. સાગર સ્વપનની એ ભયાનકતા માંથી હજી બહાર આવ્યો નથી એવું લાગતા, સરિતા કીચનમાં જઈને કેકને આઈસ્ક્રીમ લઈ આવે છે, અને પતિને પ્રેમથી કેક ખવડાવે છે, અને તેના પ્રેમ આગળ સાગર પણ બધું જ ભૂલી ને ફક્ત તેની સરિતા મય થઈ જાય છે, સરિતા સાગર ને મળે છે કે સાગર સરિતા ને સમાવે છે!!! એવું પરમ પ્રેમનું અદ્ભૂત દ્રશય સર્જાયું.

લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)

મિત્રતા અને પ્રેમના નામે ખેલ ખેલનારા ઘણીવાર મોતના રસ્તે લઇ જાય છે...ચોંકાવનારી ઘટના

# ધરારપ્રેમીએ યુવતિને લગ્ન માટે બ્લેકમેઈલ કરતાં જીવ દીધો

## યુવતિને લગ્ન નહોતા કરવા પણ પ્રેમી પાછળ પડી જઇ બદનામ કરવાની ધમકી આપતો હતોઃ ત્રાસીને તેણીએ કાયમી છુટકારો મેળવી લીધોઃ બીજા બનાવમાં જીમ ટ્રેનરે ધરાર ફ્રેન્ડશીપનું કહેતાં યુવતિએ એવો પાઠ ભણાવ્યો કે પગ પકડી માફી માંગી લીધી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૮**

રાજકોટઃ પ્રેમના નામે ખેલ ખેલનારા લેભાગુઓથી ચેતતા રહેવાનો સમય છે. હાલમાં આ પ્રકારની ઘટનાઓ સતત સામે આવતી રહે છે. જેમાં જે તે ઢગાઓ સગીરાઓ, યુવતિઓને સોશિયલ મિડીયાના માધ્યમથી કે પછી તેની પાછળ પાછળ જઇને પહેલા મિત્રતાની જાળમાં અને પછી કહેવાતા પ્રેમની જાળમાં ફસાવી લઇ તેની સાથે દૂષ્કર્મ આચરી પછી તરછોડી દેતાં હોય છે. તો કોઇ કિસ્સામાં કોઈપણ કારણોસર યુવતિ કે સગીરા જો રિલેશન ખતમ કરી નાખે તો આવા ઢગાઓ તેને બ્લેકમેઇલ કરી મરવા સુધી મજબૂર કરી દેતાં હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં એક યુવતિને પ્રેમીએ પોતાની સાથે ધરાર લગ્ન કરી લેવા દબાણ કરી બદનામ કરવાની ધમકી આપતાં આ યુવતિએ આપઘાત કરી લેતાં પોલીસે કહેવાતા પ્રેમી સામે કાર્યવાહી કરી હતી. બીજી ઘટનામાં એક જીમ ટ્રેનરે એક યુવતિને પોતાની સાથે પરાણે ફ્રેન્ડશીપ કરવા દબાણ કરી હેરાન કરતાં યુવતિએ પાઠ ભણાવતાં આ ટ્રેનરે તેણીના પગ પકડી માફી માંગી હતી.

વિગતો પર નજર કરીએ તો વડોદરમાં રહેતાં મુળ ઉત્તર પ્રદેશના ઝાલોન જિલ્લાના પડરી ગામે રહેતા ખેડૂત આઝાદ ખાન શબ્બીરખાન મન્સૂરી એ માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે મારે સંતાનમાં ત્રણ છોકરાઓ તથા ત્રણ છોકરીઓ છે. મારી દીકરી અફસાના બાનુ ના લગ્ન થયા નથી તેણે બીએ ના -થમ વર્ષ સુધી અભ્યાસ કર્યો છે અને છેલ્લા ત્રણ વર્ષથી વડોદરામાં રહે છે અફસાના બાનુ દરબાર ચોકડી પાસે આવેલ કોચર ઇનફોટેક કોલર સેન્ટરમાં નોકરી કરતી હતી અને માંજલપુર સૂર્ય દર્શન સોસાયટીમાં રહેતી હતી. જુલાઈ ૨૦૨૪ માં મારી દીકરી ઘરે આવી ત્યારે જણાવ્યું હતું કે પ્રદીપ શિવ દયાલ પરિહાર (રહે સરવા ગામ જીલ્લો ઝાંસી ઉત્તર પ્રદેશ ) સાથે મારે કેટલાક સમયથી પ્રમ સંબંધ છે પરંતુ મારે તેની સાથે લગ્ન નથી કરવા તેમ છતાં પ્રદીપ મને છેલ્લા બે મહિનાથી ફોન કરે લગ્ન કરવા દબાણ કરી પરેશાન કરે છે.





ખેડુતે આગળ કહ્યું કે ગત છટ્ઠી ડિસેમ્બરે મારી દીકરી એ ફોન કર્યો હતો તે ખૂબ જ રડતી હતી અને રડતા રડતા તેને જણાવ્યું હતું કે પ્રદીપ લગ્ન કરવાનું દબાણ કરે છે અને જો લગ્ન નહીં કરે તો બદનામ કરી નાખીશ અને સમાજમાં મોઢું બતાવવા લાયક નહીં રહે તેવું કહી ધમકાવે છે તમે પ્રદીપને સમજાવો નહીંતર મારે મરવાનો વારો આવશે અમે અમારી છોકરી ને સમજાવી આશ્વાસન આપી શાંત કરી હતી. ત્યારબાદ મારી પુત્રીએ આ ત્રાસથી કંટાળીને આપઘાત કરી લીધો હતો. અંતે પોલીસે આ મામલે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

બીજો એક લાલબત્તી સમાન કિસ્સો પણ જાણવા જેવો છે. જેમાં વડોદરામાં એક જીમ ટ્રેનરની પજવણીથી ત્રાસી ગયેલી યુવતીએ તેને પાઠ ભણાવતા પોતાના પિતાની હાજરીમાં ટ્રેનરે માફી માગી લીધી હતી. મુળ મહારાષ્ટ્રની યુવતી ખાનગી કંપનીમાં જોબ કરતી હોવાથી ભાડાના મકાનમાં રહેતી હતી અને ફીટનેસ જાળવવા માટે ગોત્રી વિસ્તારમાં આવેલા એક જીમમાં નિયમિત જતી હોવાથી જીમ ટ્રેનરની તેના ઉપર નજર ઠરી કરી હતી અને તે તેના નજીકમાં આવવાનો પ્રયત્ન કરતો હતો.પરંતુ યુવતી ટ્રેનરની નજર પારખી ગઈ હતી અને રિસ્પોન્સ આપતી ન હતી. દરમિયાનમાં યુવતીએ ભાડાનું મકાન બદલી નાખ્યું હતું અને બીજે રહેવા ગઈ હતી તેમજ જીમમાં આવવાનું પણ બંધ કર્યું તેમ છતાં જીમ ટ્રેનર યુવતીના મોબાઈલ પર ફોન કરી ફ્રેન્ડશીપ રાખવા માટે આ ગ્રહ પણ કરતો હતો.

# સરકાર તમામ હોસ્પિટલોની ચકાસણી કરશેઃ ઋષિકેશ પટેલ

## રાજકોટ સિવિલ હોસ્પિટલની મુલાકાતે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ

રાજકોટ, તા. ૨૮

રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ ગઈકાલથી ત્રણ દિવસ સૌરાષ્ટ્રના પ્રવાસે હતા ત્યારે તેઓએ રાજકોટ સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી અને ઇમર્જન્સી વિભાગ થી હોસ્પિટલ ની વિઝીટ કરી હતી. રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ચારેય સિવિલ હોસ્પિટલના પ્રોજેક્ટ અંગેનું પણ પ્રેઝન્ટેશન નિહાળ્યું હતું જેમાં ડોક્ટર મોનાલી માકડીયા અને મેડિકલ કોલેજના ડીન ડોક્ટર ભારતી પટેલ પાસેથી તમામ વિગતો મેળવી હતી. બેઠકમાં આરોગ્યલક્ષી સેવાઓ, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના સહિતની બાબતે ચર્ચા પણ કરવામાં આવી હતી અને ઘટતું કરવા વિભાગોને સૂચના આપવામાં આવી ત્યારે આ ખાસ બેઠકમાં રાજકોટના પ્રથમ નાગરિક, ધારાસભ્યો, સાંસદ સભ્યો જિલ્લા પંચાયત પ્રમુખ તથા આરોગ્ય વિભાગના સચિવ ધનંજય ત્રિવેદી હાજર રહ્યા હતા એટલું જ નહીં સ્થાનિક પ્રશાસન માં આરોગ્ય કમિશનર હર્ષદ પટેલ, કલેકટર પ્રભાવ જોશી, જિલ્લા વિકાસ અધિકારી નવનાથ ગૌવહાને, નાયબ નિયામક તેમજ હોસ્પિટલના તબીબ અને વહીવટી અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. જુનાગઢ સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધા બાદ ગઈકાલ બપોર રાજકોટની સિવિલની મુલાકાત લીધી હતી તેઓ જણાવ્યું હતું કે લોકોને શ્રેષ્ઠ આરોગ્ય સેવા પૂરી પાડવા માટે સરકારી તબીબો અને અધિકારીઓ ને સૂચના આપવામાં આવી છે એટલું જ નહીં તેઓએ આશ્વાસન આપતા જણાવ્યું હતું કે હાલ જે ખ્યાતિ હોસ્પિટલમાં જે પ્રકરણ બન્યું તેમાં સરકારી યોજનામાં કોઈપણ ગેરરીતિ કરતી હોસ્પિટલો હશે તેની સામે આક્રમક વલણ પણ અપનાવવામાં આવશે. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ જ્યાં નિયમભંગ જણાશે ત્યાં પણ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. વધુમાં તેઓએ રાજ્ય સરકાર વિશે જણાવ્યું હતું કે ગેરરીતિ કરતી હોસ્પિટલો સામે પગલાં ભરવા સરકાર કોઈ કચાશ રાખવા માંગતી નથી જેને લઈને જ સરકારે નવી એસોપી જાહેર કરી છે સાથોસાથ આયુષ્યમાન કાર્ડ યોજના હેઠળ માન્ય હોસ્પિટલોની કામગીરીની પણ સમયાંતરે તપાસ કરવામાં આવશે. ઋષિકેશભાઇ પટેલે જણાવ્યું હતું કે આયુષ્યમાન કાર્ડ વાળા દર્દીઓને સારવારની મંજૂરી આપતા પૂર્વ હોસ્પિટલ દ્વારા સરકારમાં જે રજૂ કરવામાં આવેલી માહિતી છે તેની પણ ચકાસણી હાથ ધરવામાં આવી રહી છે. હવે તજજ્ઞો દ્વારા જે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે તે એ છે કે હાલ જે વ્યવસ્થા ઊભી કરવા માટેનો જે નિર્ણય લેવામાં આવ્યો છે અને આરોગ્ય મંત્રી દ્વારા જે સ્થળ મુલાકાત કરવામાં આવી તેના બદલે જ્યાં ખરા અર્થમાં સિવિલ હોસ્પિટલને જરૂર છે તે જગ્યા પર મુલાકાત લેવામાં આવી હોત તો સિવિલનું સાચું ચિત્ર સામે આવત કારણ કે ગઈકાલે ઋષિકેશભાઇ પટેલે સબ સલામત હોવાનું જણાવ્યું હતું અને કહ્યું કે રાજકોટ સિવિલ હોસ્પિટલ તમામ જરૂરી પગલાઓ લઈ રહી છે અને દર્દીઓને યોગ્ય સારવાર પણ આપે છે.

### સિવિલના ટ્રોમ બિલ્ડીંગના ૫માં માળે ઉંદરનો ત્રાસ

**મળતી માહિતી મુજબ સિવિલના ટ્રોમાં બિલ્ડિંગના પાંચમા માળે ઉંદરનો ત્રાસ હોવાનું તજજ્ઞ જણાવી રહ્યા છે એટલું જ નહીં તેમનું માનવું છે કે જ્યારે આરોગ્ય મંત્રી રાજકોટ સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હોય તો બધું સારું હોય તે જગ્યા નહીં પરંતુ જે જગ્યાએ ખરા અર્થમાં વિકાસની જરૂરિયાત છે ત્યાં મુલાકાત લેવડાવી જોઈએ જેથી સત્ય હકીકત સામે આવી શકે ત્યારે સિવિલના બિલ્ડિંગમાં જે ઉંદરોનો ત્રાસ છે તે દૂર થાય તે માટે યોગ્ય વ્યવસ્થા ઉભી કરવા માટે પણ માંગ કરી હતી.**



### સિવિલમાં ન્યુરો વિભાગ વર્ષો થી બંધ દર્દીઓ એ અમદાવાદન ધકા ખાવા પડે છે

**સિવિલ હોસ્પિટલમાં સૌથી મહત્વનો ન્યુરો વિભાગ છેલ્લા અનેક વર્ષોથી બંધ હાલતમાં જોવા મળી રહ્યો છે જેને લઈને દર્દીઓએ અમદાવાદના ધક્કા ખાવા પડે છે અને ખૂબ મોટો ખર્ચો પણ કરવો પડે છે. ત્યારે રાજ્ય સરકાર ઝડપભેર ન્યુરો વિભાગમાં તબીબની ભરતી કરે તે ખૂબ જરૂરી છે કારણ કે અહીં જરૂરી સાધનો જે હોવા જોઈ તે પણ નથી ત્યારે ન્યુરોની તકલીફ હાલ રાજકોટ સિવિલ હોસ્પિટલ માટે ખૂબ વિકરાળ છે.**



### હોસ્પિટલના કૌમ્પાઉન્ડને તાળું મારતા રાત્રિના દર્દીઓના સગા બહાર સુવા મજબુર

**હાલ સિવિલ હોસ્પિટલ પ્રશાસન હોસ્પિટલના કમ્પાઉન્ડને તાળું મારી દે છે અને રાત્રીના સમયે જે દર્દીના સગા સંબંધી હોય તેઓએ બહાર સૂવું પડે છે આ અંગે પણ કોઈ ગંભીર વિચારણા અને યોગ્ય નિર્ણય લેવામાં આવે તેવી પણ રજૂઆતો ઉઠી રહી છે. મેરી તરફ સિવિલ હોસ્પિટલના તજજ્ઞ ના જણાવ્યા અનુસાર હાલ આ અંગે એક વખત નહીં અનેક વખત રજૂઆતો કરવામાં આવી પરંતુ હજુ સુધી કોઈ યોગ્ય નિર્ણય આવ્યો નથી જે ઘણા ખરા પ્રશ્નો ઊભા કરે છે.**

પ્રાણીઓ ઘણીવાર લોકો માટે ઉભી કરી દે છે મુશ્કેલીઓઃ ત્રણ ઘટના પરથી ચેતવા જેવું

# ખુંટીયા-ગાયની ઢીંકથી બે વૃધ્ધ ઘાયલઃ મહિલાને ભુંડે કર્યા લોહીલુહાણ

## ભુંડને લોકોએ મારી નાંખ્યુંઃ ત્રણેય ઘાયલોને પહોંચવું પડ્યું હોસ્પિટલના ખાટલા સુધી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૮**

રાજકોટઃ પ્રાણીઓ સાથે માનવજાતને આમ તો સ્નેહનો સંબંધ હોય છે. અનેક લોકો જે પ્રાણીઓને પાળી શકાય તેમ હોય તેને ઘર પરિવારના સભ્યની જેમ પોતાની સાથે રાખતા હોય છે. જો કે અમુક પ્રાણીઓ લોકો માટે જોખમી સાબિત થતાં હોય છે. અવાર-નવાર રાજ્યભરમાં રસ્તે રઝળતા ખુંટીયા, ગાય સહિતના પ્રાણીઓ લોકોને ઢીંકે ચડાવી લોહીલુહાણ કરી દેતાં હોય છે તો ઘણીવાર તેમની ઢીંકો જીવલેણ પણ બનતી હોય છે. બે આવી ઘટના સામે આવી છે જેમાં એક વૃધ્ધને મોટરસાઇકલ સહિત ખુંટીયાએ ઉલાળી દેતાં ગંભીર ઇજા થઇ હતી. તો એક વૃધ્ધને ગાયએ ઢીંક મારી દીધી હતી. ત્રીજા બનાવમાં એક મહિલા પર ભુંડ તૂટી પડ્યું હતું અને આખા શરીરે બચકા ભરીને લોહીલુહાણ કરી મુક્યા હતાં. આ ત્રણેયને કણસતી હાલતમાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. નિયમ અનુસાર આવા બનાવમાં પોલીસ કેસ જાહેર કરવાનો હોઇ જેથી ડોક્ટરે પોલીસ ચોકીમાં જાણ કરતાં જે તે પોલીસ સ્ટેશનમાં આ ઘટનાઓની નોંધ કરાવવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો તાલાલાના ધુશીયા ગીર ગામે રહેતાં પંચાવન વર્ષના હીરજીભાઇ દામજીભાઇ ડાભી ગામમાં મોટરસાઇકલ હંકારીને જતાં હતાં ત્યારે ખુંટીયાએ બાઇક સહિત પછાડી દઇ ઢીંક મારી દેતાં ગંભીર ઇજા થતાં તાલાલા, જુનાગઢ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. તેમને સંતાનમાં બે પુત્ર છે. પોતે મગફળી, અનાજનો વેપાર કરે છે. જ્યારે બીજો આવો બનાવ રાજકોટમાં બન્યો છે. શહેરના ભાવનગર રોડ પર ગંજીવાડા-૩૧માં રહેતાં ઓગણએંસી વર્ષના ખીમજીભાઇ ટપુભાઇ ચાવડા ઘર પાસે હનુમાનજીના મંદિરે દર્શન કરી ઘરે જતાં હતાં ત્યારે બે ગાયો બાખડતી હોઇ ખીમજીભાઇને ઢીંકે ચડાવી દેતાં ઇજાઓ થતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. સિવિલ હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, તૌફિકભાઇ, ભાવેશભાઇ, ધર્મેન્દ્રભાઇએ તાલાલા અને થોરાળા પોલીસને જાણ કરી હતી.

જ્યારે ત્રીજી એક ચોંકાવનારી ઘટનામાં બોટાદના સરવા ગામે રહેતાં અડતાલીસ વર્ષના મુળીબેન કાનાભાઇ વાઘેલા નામના મહિલા ગામની સીમમાં આવેલી પોતાની વાડીએ હતાં ત્યારે અચાનક ધસી આવેલા ભુંડે હુમલો કરી દીધો હતો અને તેમને પછાડી દઇ આખા શરીરે બટકા ભરી લીધા હતાં. દેકારો મચી જતાં આસપાસની વાડીમાંથી બીજા લોકો દોડી આવ્યા હતાં અને તેમને છોડાવ્યા હતાં. લોકોએ આ ભુંડને ફટકારીને મારી નાંખ્યું હતું. વધુ વિગતો અનુસારમુળીબેન વાડીએ એકલા હતાં અને કામ કરી રહ્યા હતાં ત્યારે અચાનક ધસી આવેલુ ભુંડ તેમના પર તૂટી પડ્યું હતુ અને બટકા ભરવા માંડ્યુ હતુ. મુળીબેને રાડારાડ કરી મુકતાં લોકો દોડી આવ્યા હતાં અને તેમને છોડાવ્યા હતાં. પાળીયાદ સારવાર અપાવી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે. આ ત્રણેય ઘટનામાં પ્રાણીઓને કારણે ત્રણ લોકોને પીડા સહન કરવાની નોબત આવી ગઇ હતી. જેમાં ખુંટીયાની ઠોકરે ચડેલા વૃધ્ધની હાલત ગંભીર છે.







### ત્રણ બનાવોમાં ત્રણ યુવતિઓએ કર્યા ઝેરના પારખાઃ એકને પતિ સાથે થયો ડખ્ખો, બેમાં કારણ રહ્યું અકળ

જ્યારે અન્ય બનાવોમાં આપઘાતના પ્રયાસના ત્રણ બનાવોમાં ત્રણ યુવતિઓને સારવાર માટે દાખલ કરવામાં આવી હતી. ઝેરી દવા પી આપઘાતના પ્રયાસની ત્રણ ઘટના બની હતી. જેમાં લોધીકાના દેવડા ગામે છગનભાઇની વાડીમાં રહી પતિ સાથે ખેત મજૂરી કરતી મુળ મધ્યપ્રદેશની ત્રીસ વર્ષની ચીંગુબેન શાનુભાઇ મેડાએ ઝેર પી લેતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. ચીંગુબેનના લગ્ન અગિયાર વર્ષ પહેલા થયા છે અને સંતાનમાં એક પુત્રી અને બે પુત્રી છે. પતિ-પત્નિ ખેતરમાં દવા છાંટવાનું કામ કરતાં હતાં ત્યારે ચડભડ થતાં તેણી આ દવા પી ગયાનું પતિએ કહ્યું હતું.બીજી ઘટનામાં જસદણમાં હુડકો વિસ્તારમાં રહેતી વીસ વર્ષની કાજલ લીંબાભાઇ સોલંકી કોઇ કારણે ઝેર પી જતાં સારવાર માટે રાજકોટ ખસેડાઇ છે. તેણી પાંચ ભાઇ અને બે બહેનમાં નાની છે.

જ્યારે ત્રીજા બનાવમાં પડધરીના રૂપાવટી ગામે મકનભાઇની વાડીમાં રહેતી સત્તર વર્ષની લક્ષ્મી પારસીંગ બામનીયા ઝેર પી જતાં સારવાર માટે રાજકોટ ખસેડાઇ છે. તેણી બે ભાઇની એકની એક નાની બહેન છે. બેભાન હોઇ કારણ જાણી શકાયુ નથી. ત્રણેય બનાવમાં હોસ્પિટલ પોલીસ ચોકી દ્વારા જે તે પોલીસ સ્ટેશનમાં આ ઘટનાની નોંધ કરાવવામાં આવતાં કાર્યવાહી થઇ હતી.

નકલી ડીગ્રી વગરના દાક્તરીયાનો રાજ્યભરમાં રાફડો ફાટ્યો છેઃ વધુ બે લેભાગુઓ આવી ગયા ઝપટમાં

# બે 'ડૂપ્લા ડોક્ટર'ને પકડી પોલીસે ઠપકાર્યા 'કાયદાના ઈન્જેક્શન'

## આજીડેમ પોલીસે મહિકા ગામમાંથી કોઠારીયા કોલોનીના શખ્સને પકડ્યોઃ કમ્પાઉન્ડરનો અનુભવ હતોઃ જ્યારે કચ્છ એસઓજીએ ગાંધીધામ કાર્ગો ઝૂપડપટ્ટીમાંથી નકલી તબિબને દબોચ્યો

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા.૨૭**

રાજકોટઃ રાજ્યભરમાં ઠેકઠેકાણે આઠ દસ ચોપડી ભણેલા કે કોલેજ સુધી ભણેલા અને કમ્પાઉન્ડરનો કે હોસ્પિટલમાં નોકરીનો અનુભવ ધરાવતાં લેભાગુઓ રોકડી કરવા માટે થઈને ડીગ્રી વગર દવાખાના ખોલી ધંધો કરવા બેસી જતાં હોય છે. હાલમાં ઠેકઠેકાણે આવા ડુપ્લા ડોકટરોને દબોચી લેવાની ઝુંબેશ ચાલી રહી છે. આ વચ્ચે રાજકોટ શહેરના ત્રંબા ગામમાંથી એક નકલી ડોક્ટર પકડાયો છે અને એક આવો નકલી દાક્તર ગાંધીધામમાં ઝપટે આવી જતાં પોલીસે તેને કાયદાના ઈન્જેકશન આપી બરોબરની સારવાર કરી હતી.

રાજકોટ શહેર સહિત રાજ્યભરની પોલીસ અવાર-નવાર નકલી ડોક્ટરોને પકડી કાયદાના પાઠ ભણાવતી રહે છે. વધુ એક વખત એક નકલી ડોક્ટર ઝપટમાં આવ્યો છે. રાજકોટ નજીકના ત્રંબા ગામે ક્લીનીક ખોલીને બેસી ગયેલો નકલી ડોક્ટર આજીડેમ પોલીસના હાથે પકડાયો છે. કમ્પાઉન્ડરનો અનુભવ ધરાવતો આ શખ્સ બી.કોમ સુધી ભણેલો છે. તે એકાદ વર્ષથી દવાખાનુ ધમધમાવતો હોવાની પ્રાથમિક વિગતો ખુલી હતી. જ્યારે બીજો ડોક્ટર ગાંધીધામમાં કાર્ગો ઝુપડામાંથી દબોચાઇ ગયો હતો.

પ્રથમ નકલી ડોક્ટર પકડાઇ ગયાની વિગતો પર નજર કરીએ તો આજીડેમ પોલીસની ટીમ લોકોના આરોગ્ય સાથે ચેડા કરતાં હોય તેવા નકલી ડોક્ટરોને શોધી કાઢવાની ઝુંબેશ અંતર્ગત પેટ્રોલીંગમાં હતી ત્યારે કોન્સ. દેવાભાઇ ધરજીયા અને સંજયરાજ બારોટને બાતમી મળી હતી કે ત્રંબામાં રામજી મંદિર પાસે એક બોર્ડ વગરનું દવાખાનુ ચાલે છે અને તેમાં બેસતો ડોક્ટર નકલી છે. આ માહિતીને આધારે દરોડો પાડવામાં આવતાં અંદર ખુરશી પરે ગળામાં સ્ટેથોસ્કોપ સાથે એક શખ્સ બેઠો હોઇ તેને પોલીસે પોતાની ઓળખ આપી મેડીકલ ડીગ્રી કે બીજી કોઇ માન્ય ડીગ્રી બતાવવાનું કહેતાં પોતાની પાસે કોઇ ડીગ્રી નહિ હોવાનું અને પોતે અગાઉ કમ્પાઉન્ડર તરીકે કામ કરતો હોઇ તેનો અુભવ હોઇ તેના આધારે આ દવાખાનુ ખોલીને બેસી ગયાનું કબુલ્યું હતું. પુછતાછમાં તેણે પોતાનું નામ જીગર વલ્લભભાઇ મોલીયા કહ્યું હતું. એકતાલીસ વર્ષનો આ નકલી ડોક્ટર કોઠારીયા કોલોની, સોરઠીયાવાડી સર્કલ પાસે રહે છે અને તેનુ મુળ ગામ રાજકોટનું મહિકા છે.





પોલીસે આ નકલી ડોક્ટર સામે બીએનએસ ૩૧૯ તથા મેડીકલ પ્રેકટીશનર એક્ટ હેઠળ ગુનો નોંધી દવાખાનામાંથી એલોપેથીક દવાઓ, ઈન્જેક્શન, બાટલા સહિતના સાધનો અને રોકડ મળી રૂપિયા ૧૨,૬૨૦નો મુદ્દામાલ કબ્જે કરી ધરપકડ કરી હતી. પ્રાથમિક પુછતાછમાં તેણે પોતે બી. કોમ સુધી ભણેલો હોવાનું કહ્યું હતું. જીગર દર્દી મુજબ ફી વસુલ કરતો હતો. સામાન્ય તાવ શરદી કડતરની દવા કોઇ લેવા આવે તો ચાલીસથી પચાસ રૂપિયા વસુલતો હતો અને કોઇને ઈન્જેકશન કે બાટલાની જરૂર પડે તે મુજબ ફી વસુલી લેતો હતો.

એકાદ વર્ષથી તે લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા હોવાની વિગતો ખુલી હતી. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી બી. વી. જાધવની સુચના અંતર્ગત પોલીસ ઈન્સ્પેક્ટર એ. બી. જાડેજા, પીએસઆઇ જે. જી. રાણા, એએસઆઇ હારૂનભાઇ ચાનીયા, રવિભાઇ વાંક, હેડકોન્સ. પિયુષભાઇ ચીરોડીયા, દીગપાલસિંહ જાડેજા, કોન્સ. પ્રદિપસિંહ ગોહિલ, વિરેન્દ્રસિંહ જાડેજા, ગોપાલભાઇ બોળીયા, મહેશભાઇ કોઠીવાળ, જગદીશસિંહ પરમાર, હરપાલસિંહ જાડેજા, દેવાભાઇ ધરજીયા, સંજયરાજ બારોટ અને વિશ્વરાજસિંહ પરમારે આ કામગીરી કરી હતી. નકલી ડોક્ટરને પોલીસે કાયદાનો ડોઝ આપ્યો હતો.

બીજી તરફ ગાંધીધામનાં કાર્ગો પી એસ એલ ઝુંપડામાં જોખમી રીતે લોકોનાં આરોગ્ય સાથે ચેડા કરતો વધુ એક ઉંટવૈદ્ય ઝડપાયો હતો. જેમાં પોલીસે બાતમી આધારે દરોડો પાડી ડોક્ટરની કોઈપણ ડિગ્રી વગર ભાડાની દુકાનમાં દવાખાનું ચાલાવતા શખ્સને ૨.૦૩ લાખની કિંમતની એલોપેથીક દવાઓ અને મેડિકલ સાધનો સાથે ઝડપી લીધો હતો. પૂર્વ કચ્છ એસ. ઓ. જી ની ટીમને બાતમી મળી હતી કે, ગાંધીધામનાં કાર્ગો પીએસએલ ઝુંપડામાં મૂળ મધ્યપ્રદેશનો હાલ અંજારનાં વરસામેડી રહેતો સતિષ પૂર્ણમાસીપ્રસાદ સહાની દુકાન ભાડે રાખી તેમાં એલોપેથીક દવાઓ અને મેડિકલ સાધનો વડે કોઈ પણ ડોક્ટરની ડિગ્રી વગર લોકોનાં આરોગ્ય સાથે ચેડા કરી રહ્યો છે. જે બાતમી આધારે પોલીસે કાર્ગો પી. એસ.એલ વિસ્તારમાં દરોડો પાડી કોઈ પણ પ્રકારની ડોક્ટરની ડિગ્રી વગર કે પ્રેક્ટિસ કર્યા વગર ભાડાની દુકાનમાં ગેરકાયદે દવાખાનું ચાલાવતા આરોપી સતીશ સહાનીને ઝડપી પાડયો હતો. જેમાં પોલીસે આરોપીની કબ્જાની દુકાનમાંથી એલોપેથીક દવાઓ અને મેડિકલ સાધનો જેની કુલ કિંમત રૂ. ૨,૦૩,૫૩૨નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. તો બીજી તરફ આ કાર્ગો વિસ્તારમાં બોગસ ડોકટરોનો રાફડો ફાટયો છે. જેમાં છેલ્લા એક મહિનામાં પોલીસે કાર્યવાહી કરી ત્રણથી ચાર બોગસ ડોક્ટરને ઝડપી પણ પાડયા છે. જેમાં વધુ એકનો ઉમેરો થયો છે. જો કે જાણકારોમાં થતી ચર્ચા મુજબ આ પ્રકારના ગુનામાં કાયદાની છટકબારીનો લાભ મળી જતો હોઇ આવા ડુપ્લા ડોક્ટરો છુટી જઇ ફરીથી દવાખાના ચાલુ કરી દેતાં હોય છે.

## ગોંડલનાં ગુંદાળામાં યુવાનનો ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો

ગોંડલ તા.

ગોંડલનાં ગુંદાળા ગામે રહેતા યુવાને પેતાનાં ઘરે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરતા તેના મૃતદેહને ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો.

પ્રાપ્ત વિગત મુજબ ગુંદાળામાં સરમરીયા દાદાનાં મંદિર પાસે રહેતા સુનિલભાઇ ધીરુભાઈ ભેડા ઉ.૩૩ બપોરે કોઈ અગમ્ય કારણોસર પોતાનાં ઘરે ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. મૃતક ગોંડલ માર્કેટ યાર્ડમાં મજુરીકામ કરતો હતો. પોલીસે વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, મૃતકે પ્રેમલગ્ન કર્યા હતા અને સતાનમાં એક દીકરી છે. તાલુકા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## મેટોડામાં જુગાર દરોડો : ૯ મહિલા ઝડપાઈ

### રૂ. ૧૧૬૦૦નો મુદ્દામાલ કબજે કરતી પોલીસ

રાજકોટ મિરર, તા.૨૮

મેટોડામાં શ્રીનાથજી સોસાયટીમાં મહિલાઓ પુરુષ સમોવડી બનીને જાહેરમાં જુગાર રમતી હોવાની બાતમી પરથી પોલીસે દરોડો પાડીને ૯ મહિલાને, રૂ. ૧૧૬૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધી હતી. ઝડપી લીધી હતી.

મેટોડાના શ્રીનાથજી સોસાયટીમાં મંદિર પાસે જાહેરમાંમહિલા જુગાર રમતી હોવાની બાતમીને આધારે મેટોડા પોલીસે દરોડો પાડતા જુગાર રમતી ૯ મહિલાઓ પકડાઈ ગઈ હતી. જેમાં મેટોડામાં જસ્મીનબેન સંજયભાઈ સાવલીયા, કંચનબેન વ્રજલાલભાઈ ભુવા, હંસાબેન દીલીપભાઇ રાઠોડ (ચંદ્રપાર્ક), રૂપાબેન રસિકભાઈ અઘેરા(અંજલિ પાર્ક) , આરતીબેન ધર્મેશભાઈ વાગડીયા (ખીરસરા), , સુનીતાબેન મનહરભાઇ પવાર (ક્રિષ્ના સોસાયટી), ઉષાબેન રમેશભાઈ પાટડીયા (રાજદીપ પાર્ક), વિનતાબેન જીગાભાઇ પરમાર (રાજદીપ પાર્ક), સીમાબેન કીરીટભાઇ રાછ (મણીદીપ મંદિર પાસે) એમ નવેય મહિલાનો સમાવેશ થાય છે.

# સન્ની પાજી ઢાબા પર સંચાલકે જ ફેરવ્યું બુલડોઝર

## કલેક્ટર તંત્રએ દબાણ દૂર કરવા નોટિસ આપી : ડિમોલિશનના ડરે સંચાલકે છે જમીન પરનું દબાણ દૂર કર્યું

રાજકોટ, તા. ૨૮

જામનગર રોડ ઉપર આવેલ અને ફાસ્ટફૂડમાં ફેમસ તેમજ તાજેતરમાં જ રાજકોટ મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર સાથે બબાલ કરનાર સન્ની પાજી દ્વારા પોતાના ઢાબાના પાટિયા જાતે જ ઉતારી લેવામાં આવ્યા છે. સરકારે ખરાબામાં રેસ્ટોરન્ટ ચાલુ હોવાનું માલુમ થતાં કલેક્ટર દ્વારા નોટીસ ફટકારી દબાણ દૂર કરવા આદેશ આપવામાં આવ્યો હતો. જે અંતર્ગત આજે સન્નીપાજીએ પોતાના ધાબાનો સંકેલો કરી લીધો હતો.



જામનગર રોડ પર આવેલ પરાપીપળિયા નજીક રાજકોટના સન્નીપાજી દ્વારા સરકારી ખરાબા પર કબ્જો કરી સન્નીપાજી દા ધાબા નામે રેસ્ટોરન્ટ ધમધમતુ કરવામાં આવ્યું હતું. આ રેસ્ટોરન્ટ ગેરકાયદેસર હોવાના કારણે રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશી દ્વારા સન્ની પાજીને નોટીસ ફટકારવામાં આવી હતી. અને પોતાના રેસ્ટોરન્ટનું દબાણ દૂર કરવા સૂચના અપાઈ હતી. જે અંતર્ગત આજે સન્નીપાજી દ્વારા પોતાના રેસ્ટોરન્ટના પાટિયાઓ ઉતારી લેવામાં આવ્યા હતાં. તેમજ જાતે જ રેસ્ટોરન્ટનું ડિમોલેશન કરી સંકેલો કરવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત મહિને રાજકોટ મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજાના મહેમાનો આ રેસ્ટોરન્ટમાં જમવા માટે ગયા હતાં. જેના બીલ લેવા બાબતે સન્ની પાજી સાથે બબાલ થઈ હતી. આ બબાલ બાદ સન્નીપાજીએ પીસીઆર વાનને ખુદ ફોન કરી બોલાવી હતી. તેવી નોંધ પોલીસ ચોપડે બોલાઈ હતી. સન્ની પાજીના ગેરકાયદેસર ચાલતા ધાબા પર કલેક્ટરે પણ લાલ આંખ કરી હોવાના કારણે આ ધંધો સમેટી લેવામાં આવ્યો છે. રાજકોટ જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી સરકારના ખરાબા પર ભૂમાફિયાઓ દ્વારા કબ્જો કરી લેવામાં આવ્યો છે. અને બાંધકામો ખડકી ધંધાઓ શરૂ કરી દીધા છે. આવા સરકારી ખરાબામાં કબ્જો કરનાર ભૂમાફિયાઓ સામે રાજકોટ કલેક્ટર તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી છે અને ડિમોલેશનની કાર્યવાહી કરાઈ રહી છે. ત્યારે રાજકોટ કલેક્ટરે સન્નીપાજીના ગેરકાયદેસર ધાબાને પણ નોટીસ ફટકારી બંધ કરવા માટે સુચના આપી હતી.

મળતી માહિતી મુજબ આ ધાબાનો એક ભાગ ખાનગી જમીન પર ઊભો હતો જ્યારે અન્ય ભાગ સરકારી જમીનમાં મોટા બાંધકામના ખડકલા પણ કરી દેવામાં આવ્યા હતા. જે અંગે અનેક રજૂઆતો થઈ હતી.

કલેક્ટર દ્વારા તપાસના આદેશ કરવામાં આવ્યા જેમાં રેવન્યુ તંત્ર દ્વારા તપાસ કરવામાં આવતા માલુમ પડ્યું કે જે જગ્યા પર રેસ્ટોરન્ટ ઉભી કરવામાં આવી હતી તેનો એક ભાગ ખાનગી જમીન પર ઉભો કરાયો હતો. આવી વાત એટલી હદે વકરીઓ કે કલેક્ટરના અધ્યક્ષ સ્થાને રેવન્યુ વિભાગ દ્વારા જમીનના રેકોર્ડ અંગે ખરાઈ કરવામાં આવી અને અનેકવિધ રેસ્ટોરન્ટ સંચાલકો દ્વારા દબાણ કરવામાં આવ્યું હોવાનું પણ માલુમ પડી રહ્યું છે જે બાદ સંચાલકને રેવન્યુ વિભાગ દ્વારા નોટિસ પાઠવવામાં આવી હતી જે અંગે કોઈ નકર કાર્યવાહી ન થતા ડિમોલિશન કરવાની વાત આવી જે બાદ સંચાલકોએ જાતે જ ઊભું કરેલું દબાણ દૂર કરી દીધું.

અપમૃત્યુની અલગ અલગ ત્રણ ઘટનાઓ મૃતકોના સ્વજનોને શોકના સમંદરમાં ધકેલી ગઇ

# આર્થિક ભીસ સામે 'અભય' હારી ગયોઃ 'ફાંસો' ખાઈ છોડી દુનિયા

## બીજી ઘટનામાં બાથરૂમમાં પડી જતાં રેલનગરના મહિલાનું મૃત્યુઃ ત્રીજા બનાવમાં સનાતન સોસાયટીના મહિલાને હૃદય દગો દઇ ગયું

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા.૨૭**

રાજકોટઃ અપમૃત્યુની રોજબરોજ બનતી ઘટનાઓ અનેક પરિવારોને શોકમાં ડુબાડી દેતી હોય છે. આપઘાત, આકસ્મિક મૃત્યુ, વાહન અકસ્માત કે બીજા કોઇ કારણોસર જિંદગી ખતમ થઇ જવાની ઘટનાઓ યથાવત રહી હતી. જેમાં એક યુવાને આર્થિક સંકડામણ સામે હિમ્મત હારી જઇ મોતને વ્હાલુ કરી લીધુ હતું. કરૂણતા એ છે કે આ યુવાનની થોડા સમય પહેલા જ સગાઇ થઇ હતી. તે કારખાનામાં નોકરી કરી ગુજરાન ચલાવતો હતો. પણ હાલમાં રૂપિયાની ખેંચ સામે બે છેડા ભેગા થતાં ન હોઇ તેણે અંતિમ રસ્તા તરીકે આપઘાતનો માર્ગ અપનાવી લીધો હતો. બીજા કિસ્સામાં ઘરના બાથરૂમમાં પડી જતાં એક મહિલાનું મૃત્યુ થયું હતું. ત્રીજા બનાવમાં હૃદય રોગના હુમલાથી એક મહિલાનું મોત થયું હતું.

વિગતો પર નજર કરીએ તો માંડાડુંગર પાસે ગોકુલપાર્કમાં રહેતા યુવાને આર્થીક ભીંસથી કંટાળી ગળાફાસો ખાઇ આપઘાત કરી લેતા પરિવારમાં શોક વ્યાપી ગયો હતો. મળતી વિગત મુજબ ગોકુલ પાર્કમાં રહેતા છવ્વીસ વર્ષના અભય ગોરધનભાઇ દાણીધારીયાએ પોતાના ઘરે છતના હુકમાં સાલ વડે ગળાફાસો ખાઇ લીધો હતો. પરિવારજનો ઘરે આવતા યુવાનને લટકતી હાલતમાં જોઇ દેકારો મચાવતા આસપાસના લોકો એકઠા થઇ ગયા હતા બાદ કોઇએ જાણ કરતા ૧૦૮ ની ટીમે સ્થળ પર પહોંચી ઈએમટી ગૌતમભાઇએ તપાસ કરતા યુવાનનું મૃત્યુ નિપજયુ હોવાનું જણાતા પોલીસને જાણ કરવામાં આવી હતી.

આ બનાવની માહિતી મળતા આજીડેમ પોલીસ મથકના હેડ કોન્સ. એચ.કે. ડાંગર સહિતે સ્થળપર પહોંચી તપાસ હાથ ધરી હતી. પોલીસની તપાસમાં ખુલ્યા મુજબ આપઘાત કરી લેનાર અભય રોલેક્ષ કારખાનામાં નોકરી કરતો હતો. તેની પડધરી નજીક સગાઇ થઇ હતી. કેટલાક સમયથી આર્થીક ભીંસ ઉભી થતાં તેના કારણે ચીંતામાં રહેતો હોઇ તેથી તેણે આ પગલુ ભર્યુ હોવાનું જાણવા મળ્યુ છે. તે માતા પિતાનો એકનો એક પુત્ર હતો. તેને એક બહેન છે.





બીજા બનાવમાં શહેરના રેલનગરમાં સ્ટાર રેસીડેન્સીમાં રહેતાં ચોપન વર્ષના હંસાબા ભરતસિંહ વાળા ઘરે બાથરૂમમાંથી બહાર નીકળતી વખતે પડી જતાં માથામાં ગંભીર ઇજા થતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હંસાબા સાંજે સાડા આઠેક વાગ્યે ઘરે હતાં ત્યારે બાથરૂમ ગયા બાદ બહાર નીકળતી વખતે લપસી પડતાં માથામાં ઇજા થઇ હતી. બેભાન થઇ ગયા બાદ તેમણે સારવારમાં અંતિમ શ્વાસ લઇ લેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તેમના પતિ સિક્યુરીટીમાં નોકરી કરે છે.

હેમરેજ થઇ જવાથી મૃત્યુ થયાનુ.સ્વજને જણાવ્યું હતું. પ્રદ્યુમનનગર પોલીસે બનાવની કાર્યવાહી કરી હતી.

ત્રીજા બનાવમાં હૃદય રોગના હુમલાના બનાવો યથાવત રહ્યા હોઇ વધુ એક ઘટનામાં હાર્ટએટેક જીવલેણ સાબીત થયો હતો. દોઢસો ફુટ રીંગ રોડ પર ગોંડલ રોડ ચોકડી નજીક સનાતન સોસાયટી ચંદ્ર પાર્કમાં રહેતાં પાંત્રીસ વર્ષના સરોજબેન કમલેશભાઇ સિરોડીયા ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. સરોજબેનને સંતાનમાં એક પુત્રી છે. પતિ ચાની હોટેલ ધરાવે છે.

હાર્ટએટેક આવી ગયાનું પરિવારજનોએ કહ્યું હતું. બનાવની જાણ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના આસી. સબ ઈન્સ. રામશીભાઇ વરૂ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇ, ભાવેશભાઇએ તાલુકા પોલીસને કરી હતી. આમ ત્રણ ઘટનાઓમાં જે તે હતભાગી મૃતકના સ્વજનો ઉંડા આઘાતમાં ગરક થઇ ગયા હતાં.

# હવે સખણા રહેજો
# પાસામાંથી છુટેલા ૧૦૦ શખ્સોને ક્રાઈમ બ્રાંચે આપી શીખામણ



રાજકોટઃ હવે સખણા રહેજો, કોઇપણ પ્રકારની ગુનાખોરીથી દૂર રહેજો અને સારા કામ કરી પરિવાર સમાજમાં ફરી સારા નાગરિક, સારા સદસ્ય તરીકે સ્થાન મેળવજો. આ પ્રકારની શીખામણ શહેર પોલીસે પાસામાંથી છુટીને આવેલા ૧૦૦થી વધુ હિસ્ટ્રીશીટરોને આપી હતી. સમયાંતરે શહેર પોલીસ છાપેલા કાટલાઓને એટલે કે અગાઉ અલગ અલગ ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચુક્યા હોઇ અને હાલ જામીન પર છુટી ગયા હોય તેવા શખ્સોને ડીસીબી પોલીસ સ્ટેશન ખાતે બોલાવી તેમને શીખામણના પાઠ આપે છે. હાલમાં ૩૧ મી ડીસેમ્બરની ઉજવણી શહેરમાં શાંતિપુર્ણ રીતે થાય અને અસામાજીકો તેમના લખણ ન ઝળકાવે તે માટે છેલ્લા કેટલાક દિવસોથી શહેરની મહત્વની ક્રાઇમ બ્રાન્ચ, ટ્રાફીક બ્રાન્ચ અને જુદા જુદા પોલીસ સ્ટેશન દ્વારા ચેકીંગ ઝુંબેશ  હાથ ધરવામાં આવી છે. આ દરમિયાન ડ્રીંક એન્ડ ડ્રાઇવના ગુન્હાઓ નોંધી વાહન ચાલકો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. દરમિયાન પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયાની સુચના મુજબ ડીસીપી જગદીશ બાંગરવા અને ક્રાઇમ બ્રાન્ચના એસીપી ભરત બી. બસીયા દ્વારા છેલ્લા બે વર્ષ દરમિયાન પાસા હેઠળ જેલમાં ગયેલા અને મુકત થયેલા ગુન્હેગારોને ડીસીબી પોલીસ સ્ટેશન–ક્રાઇમ બ્રાંચ ખાતે એક સાથે એકઠા કરી આવતા દિવસોમાં ગુન્હાખોરીથી દુર રહી સારા રસ્તે જીંદગી વિતાવવાના પાઠ ભણાવવામાં આવ્યા હતા. તમામ હિસ્ટ્રીશિટરોએ ભવિષ્યમાં ગુન્હો નહિ આચરવાની ઉપસ્થિત અધિકારીઓને ખાત્રી આપી હતી. જો કે અમુક એવા છાપેલા કાટલા હોય છે જેના માટે શેઠની શિખામણ ઝાપા સુધી જ હોય છે. તેઓ ફરીથી ગુનાખોરીના રસ્તે ચડી જતાં હોય છે.

## રાજકોટના વિપ્ર યુવાનની મોટા મહિકામાંથી મળી બળેલી લાશ

### બનાવ હત્યાનો કે આત્મહત્યાનો ? ગોંડલ તાલુકા પોલીસ દ્વારા તપાસ શરુ: ફોરેન્સિક PM માટે લાશ રાજકોટ સિવિલમાં લઇ જવાઇ

રાજકોટ મિરર, ગોંડલ તા.૨૮

ગોંડલ તાલુકાનાં મોટા મહીકા ગામે ખંઢેર બનેલા રહેણાંક મકાન માંથી અડધી સળગેલી હાલતમાં પુરુષની લાશ મળી આવતા તાલુકા પોલીસ તથા એલસીબી મોટા મહીકા દોડી ગઇ હતી.અને બનાવ શંકાસ્પદ હોય મૃતદેહ ને ફોરેન્સિક પીએમ માટે રાજકોટ ખસેડાયો હતો. સાંજે ખંઢેર જેવા મકાનમાં અર્ધ સળગેલી લાશ પડી હોવાની જાણ પોલીસને થઈ હતી. ઉપરાંત ગોંડલથી સેવાભાવી યુવાનો જય માધડ સહિત એમ્બ્યુલન્સ લઈ મોટા મહીકા દોડી ગયા હતા. ગ્રામજનોનાં કહેવા મુજબ મૃતકનું નામ હસમુખભાઈ મુળશંકર વ્યાસ( ઉ.૪૬ અને હાલ રાજકોટ સદગુરુ સોસાયટી મોરબી રોડ) રહે છે.વધુમાં મૃતકે બે લગ્ન  કર્યા છે.પહેલા લગ્નથી સંતાનમાં એક દિકરો તથા દિકરી છે.

બીજી પત્નિ સાથે રાજકોટ રહે છે.ખંઢેર બનેલુ મકાન તેના બાપદાદા સમયનું છે.પણ કોઇ રહેતુ નથી. મૃતક ૨૬ ડિસેમ્બરનાં મોટા મહીકા આવ્યો હતો.અને આજુબાજુ પાડોશી પાસેથી કોથળો  માંગ્યો હતો.તે અવારનવાર ગામમાં માતાજીનો મઢ હોય દર્શન કરવા આવતો હતો.

એ તાલુકા પીઆઇ જે.પી.રાવે જણાવ્યુ હતું  કે મૃતક ઘટના સ્થળે જ સળગ્યો છે. ખંઢેર જેવા રહેણાંકમાં જ્યાં સળગ્યો ત્યાં નજીકનાં વૃક્ષનાં પાંદડા  સળગેલા છે. મૃતકે આત્મહત્યા કરી કે કોઈએ તેની સળગાવીણે  હત્યા કરી ? એ અંગે પોલીસે તપાસનાં ચક્રોગતિમાન કર્યા છે. બનાવનું કારણ ફોરેન્સિક રિપોર્ટ બાદ સ્પષ્ટ થશે તેવું જણાવ્યુ હતુ.

### અવસાન નોંધ

**રાજકોટ :** જામનગર નિવાસી, અનસૂયાબેન ગિરધરલાલ વડગામા (ઉ.વ.૮૧) તે સ્વ.ગિરધરલાલ ગોવિંદજી વડગામાના ધર્મપત્ની,, સ્વ.પોપટભાઈ જીવરાજભાઈ ભાલારા (ટંકારા)ના પુત્રી, હરગોવિંદભાઇ તેમજ મનસુખભાઈના બેનનું તા.૨૮ ના રોજ અવસાન થયું છે. ટેલિફોનીક બેસણું તા–30–૧૨–૨૦૨૪, સોમવારના રોજ ૪ થી ૬ વાગે રાખેલ છે.  હરગોવિંદભાઈ ભાલારા ૯૮૨૫૨ ૫૧૬૧૮

**રાજકોટ :** સ્વ.કીર્તિભાઈ હેમચંદ શાહના પુત્ર સુધીરભાઈના ધર્મપત્ની ભારતીબેન તે કમલેશભાઈ; સ્વ.ભરતભાઈ, વિપુલભાઈ, બિમલભાઈ તથા સ્વ.ચેતનાબેનના ભાભી,  અંકિતભાઈ તથા આકાશભાઈના માતા તેમજ મેઘનાબેન, ધાર્મીબેનના સાસુ,  સ્વ.મણીલાલ રામજીભાઈ વાધરના પુત્રીનું તા.૨૭ના રોજ અવસાન પામ્યા છે. ઉઠમણું તા. 30ને સોમવારે,  સવારે ૧૦ વાગ્યે અને પ્રાર્થના સભા સવારે ૧૧ વાગ્યે બાવન જીનાલય દેરાસર, ગાયત્રી મંદિર પાસે, પરિમલ સ્કુલની સામે, કાલાવડ રોડ રાજકોટ ખાતે રાખેલ છે

### ૩૧મી ડિસેમ્બરે થતી ભભકાદાર ઉજવણી પર બ્રેક મારવા પ્રયાસ

## હોટેલો-ગેસ્ટહાઉસોમાં SOGનું સઘન ચેકિંગ

### શહેર એસઓજીના પી.આઇ એસ.એમ.જાડેજાના માર્ગદર્શન હેઠળ અલગ અલગ ટીમો બનાવી વ્યાપક ચેકિંગ



રાજકોટ મિરર, તા.૨૮

થર્ટીફર્સ્ટની ઉજવણીમાં શહેરની હોટેલોમાં યોજાતી ખાનગી પાર્ટીઓ પર વોચ રાખવા પોલીસ હરકતમાં આવી સઘન ચેકિંગ આદર્યું છે. મળતી માહિતી પ્રમાણે પોલીસે મોટાભાગની હોટેલોમાં જરૂરી તપાસ કરીને પોલીસ કમિશ્નરના ચાલુ જાહેરનામાનો અમલ કરવા તાકીદ કરી છે. ખાસ કરીને એક જ આધાર પર વધુ રૂમ બૂક કરાવનાર લોકોની આકરી પુછપરછ કરાઇ છે.

શહેર એસઓજીના પી.આઇ એસ.એમ.જાડેજાના માર્ગદર્શન હેઠળ અલગ અલગ ટીમો બનાવીને હોટલો તેમજ ગેસ્ટહાઉસમાં ચેકિંગ કર્યું હતું. હોટલ અને ગેસ્ટહાઉસ દ્વારા નિયમોનું પાલન કરી રજીસ્ટરમાં એન્ટ્રી પાડવામાં આવે છે કે નહીં તેમજ સીસીટીવી ચાલુ છે કે નહી, તે બાબતની ચકાસણી કરી હતી. ઉપરાંત હોટલ અને ગેસ્ટહાઉસના સંચાલકો દ્વારા સરકાર દ્વારા અપાયેલી ઓનલાઇન એપ્લિકેશનમાં નોંધ કરવામાં આવે છે કે નહી તે બાબત પણ તપાસાઈ હતી. તેમજ એક આઈડી ઉપર અલગ અલગ બે લોકો અંદર રહેતા હોય છે. તેને લઈને હોટલની અંદર પણ તપાસ કરવામાં આવી હતી. એસઓજીની ટીમે હોટલ અને ગેસ્ટહાઉસમાં ઉતરેલા લોકોને પણ બોલાવી અને ચકાસણી હાથ ધરી હતી. સાથે સાથે થર્ટી ફસ્ટ લઈને શહેર એસઓજી દ્વારા હોટલ અને ગેસ્ટહાઉસમાં કામ કરતા કર્મચારીની પૂછપરછ કરાઈ હતી. ખાસ કરીને હોટલ માલિકો દ્વારા નોકરીએ રાખવામાં આવ્યા તેની નોંધ નજીકના પોલીસ મથકમાં કરાવી ફરજિયાત છે તે નિયમનું પાલન કરવા માટે હોટલ અને ગેસ્ટહાઉસના સંચાલકોને તાકીદ કરી રજીસ્ટ્રેશનની કામગીરી કરવામાં આવી છે કે નહીં તેને લઈને પણ ચકાસણી કરવામાં આવી હતી. થર્ટી ફસ્ટ લઈને એસઓજી દ્વારા હજુ પણ બે દિવસ સુધી હોટલ અને ગેસ્ટહાઉસમાં ચેકિંગ કામગીરી કરવામાં આવશે અને નિયમનો ભંગ કરનાર સામે જાહેરનામા ભંગ બદલ ગુન્હો નોંધવામાં આવશે.

**વાહન ચેકિંગ**

શહેર પોલીસ દ્વારા છેલ્લા અઠવાડીયાથી વાહન ચેકીંગ ડ્રાઇવ કરવામા આવી રહી છે. ત્યારે ડીસીપી પુજા યાદવના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેરના ચારેય સેકટરમા રહેલા અધિકારીઓ દ્વારા અલગ અલગ પોઇન્ટ પર વાહન ચેકીંગ તેમજ બ્રેથ એનેલાઇઝરથી લોકોને ચેક કરવામા આવી રહયા છે ત્યારે અલગ અલગ સ્થળો પર વાહન ચેકીંગ દરમિયાન ૨૯૩ વાહન ચાલકો દંડાયા હતા અને ૧.૧૭ લાખનો દંડ વસુલ કરવામા આવ્યો હતો. તેમજ રસ્તા પર પીધેલાની શંકાએ ૧૭૨ લોકોને બ્રેથ એનેલાઇઝરથી ચેક કરવામા આવ્યા હતા.

**નશેડીઓ પર ડોગવોચ**

પશ્ચિમી અનુકરણ પાછળ આજે શહેરની ગલીઓ અને શેરીઓમાં દારૂ, ગાંજા ઉપરાંત ડ્રગ્સનું દુષણ વ્યાપી ગયું હોવાનું સમયાંતરે બહાર આવે છે. ત્યારે નવા વર્ષની ઉજવણીમાં કોઈ ડ્રગ્સના રવાડે ન ચડે અને આવા ખૌફનાક વ્યસનોથી યુવાનો દૂર રહે તે માટે પોલીસે ખાસ એન્ટી સ્પેશિયલ કીટ બનાવી શકમંદોને તપાસશે. આ માટે એસઓજી દ્વારા શહેરના અલગ અલગ વિસ્તારો ખાસ કરીને પાનના ગલ્લા, કોલેજો અને જાહેર બગીચા તેમજ જ્યાં યુવાનો ભેગા થતા હોય તેવી જગ્યા ઉપર ડ્રગ્સ લીધેલ હોવાનું ટેસ્ટીંગ કરવામાં આવ્યું હતું.

## લોઠડા ગામની નદીમાંથી અજાણ્યા યુવાની મળી લાશ

રાજકોટ મિરર. તા.૨૮

લોઠડા ગામની નદીમાંથી આજે એક અજાણ્યા યુવાનની લાશ મળી આવતા ચકચાર જાગી છે.  પોલીસે મૃતદેહ દવાખાને ખસેડી વાલીવારસોની શોધખોળ આદરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ લોઠડા ગામે પવિત્ર ઇન્ડસ્ટ્રીયલ મેઇન રોડ પર પાવર સોલારની પાછળ નદીના પાણી આશરે પાંત્રીસેક વર્ષના યુવાની લાશ તરતી હોવાની કોઈએ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા સ્ટાફે દોડી આવીને યુવાનને મૃત જાહેર કરી પોલીસને જાણ કરતા આજીડેમ પોલીસે પોલીસે ઘટના સ્થળે દોડી જઈને મૃતકની લાશ પાણી બહાર ધારી દવાખાને ખસેડી હતી.

આ યુવાનના કોઈ વાલીવારસ હોય તો આજીડેમ પોલીસ મથકનો ૭૪૩૩૮ ૧૪૮૦૮ નો  સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

## ગુંદાવાડીમાંથી ક્રિકેટ સટ્ટો રમતો રાજન રાજદેવ ઝડપાયો

### રાજને ક્રિકેટનું આઈડી તેમના મામા પાસેથી લીધું હોવાની કરી કબૂલાત

રાજકોટ મિરર, તા.૨૮

શહેરના ગુંદાવાડીમાં પીસીબીની ટીમે દરોડો પાડી એક શખ્શને  ક્રિકેટ મેચનો સટ્ટફો રમતા ઝડપી લીધો હતો. દરોડા દરમિયાન પકડાયેલા શખ્શે આઈડી તેમના મામા પાસેથી લીધાનું કબુલતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પીસીબીના ઈન્ચાર્જ પીઆઈ એમ.આર. ગોંડલિયાની સુચનાથી પીએસઆઈ એમ.જે. હુણ અને તેમની ટીમે બાતમીના આધારે ગુંદાવાડી રોડ પર મથુરભાઈ રાજદેવ ચોકમાં આવેલ નિરાલી કોમ્પ્લેક્સના ત્રીજા માળે ફ્લેટ નં. ૪માં દરોડો પાડ્યો હતો.

જ્યાંથી જાગનાથ પ્લોટ શેરી નં. ૧૬/૧૮ કોર્નર તનિસ્ક જ્વેલર્સ વાળી શેરીમાં રહેતા રાજન મનીષ રાજદેવની ધરપકડ કરી હતી. રાજન પોતાના મોબાઈલમાં સેટવીન-૭૭૭ નામની આઈડી પર બીગબેસ ટુર્નામેન્ટમાં એડીલેડ સ્ટ્રીકર્સ અને હોબર્ટ હેરીકેનર્સ વચ્ચે ચાલતી ટી-૨૦ મેચમાં જુગાર રમતો હતો અને અન્યોને રમાડતો પણ હતો. પીસીબીની ટીમે રાજન પાસેથી રૂા. ૩૫ હજારનો મોબાઈલ કબ્જે કર્યો હતો. રાજન ક્રિકેટનો સટ્ટો રમતા પકડાયા  બાદ પુછપરછમાં તેણે આ આઈડી તેના મામા પાસેથી લીધું હોવાનું જણાવતા પોલીસે રાજનના મામાની શોધખોળ આદરી છે.

## રાજકોટઃ GST બિલીંગ કૌભાંડમાં વધુ ૪ ની ધરપકડ

### બોગસ બિલીંગ કરી સરકારને ૬૧.૩૮ લાખનો ચોપડ્યો ચૂનોઃ ગોંડલનો શખ્સ નકલી બિલ બનાવી આપતો હતો



રાજકોટ મીરર, તા.૨૮

રાજકોટમાંથી પકડાયેલ GST બિલીંગ કૌભાંડમાં એસઓજીએ વધુ ૪ ની ધરપકડ કરી છે. જૂનાગઢ, રાણાવાવ અને ગોંડલના શખ્સની ધરપકડ બાદ આ પ્રકરણમાં કુલ આંક ૧૭ થયો છે. રાજકોટ પોલીસે અલગ અલગ ૧૫ પેઢી સામે ગુનો દાખલ કરી આ કૌભાંડમાં સંડોવાયેલા શખ્સોની ધરપકડનો દૌર શરુ કર્યો હતો. જેમાં પત્રકાર મહેશ લાંગાની પણ સંડોવણી ખુલી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ ભગવતીપરામાં પરમાર એન્ટરપ્રાઈઝ નામની પેઢી ખોલીને બનાવટી ભાડા કરાર કરીને આ પેઢીના સંચાલક રાજકોટ, સૌરાષ્ટ્ર અને ગુજરાતની અલગ અલગ ૧૫ પેઢી સાથે બોગસ બિલીંગ કરીને સરકારને રૂ. ૬૧.૩૮ લાખનો ચૂનો ચોપડી દીધો હતો. આ મામલે રાજકોટ GST વિભાગના અધિકારીએ કરેલી ફરિયાદના આધારે આર્થિક ગુના નિવારણ શાખા ઇન્ચાર્જ અને SOGના પી.આઈ એસ.એમ. જાડેજાની ટીમે તપાસ કરી પરમાર એન્ટરપ્રાઈઝ નામની પેઢીના સંચાલક સહિતના તમામ સામે કાર્યવાહી કરી હતી. પ્રાથમિક તપાસમાં આ કૌભાંડમાં ગુજરાતભરની આવી અનેક બોગસ પેઢીના નામ બહાર આવ્યા હતા. રાજકોટ ક્રાઈમ બ્રાંચના આર્થિક ગુના નિવારણ સેલ વિવિધ ૧૫ પેઢી સામે ગુનો દાખલ કર્યો છે. રાજકોટના ભગવતીપરામાં બનાવટી ભાડાકરાર બનાવીને પરમાર એન્ટરપ્રાઈઝ નામની પેઢી ખોલી GSTની ઓફિસમાં બોગસ બિલીંગ રજૂ કરીને આ ૧૫ પેઢી સાથે ખોટા આર્થિક વ્યવહારો બતાવી સરકાર સાથે રૂ.૬૧.૩૮ લાખની છેતરપિંડી કરી હતી. આ મામલે અગાઉ રાજકોટ, અમદાવાદ, ભાવનગર, કોટડાસાંગાણી, વેરાવળ સોમનાથ,ગાંધીનગર, મોરબી, મહેસાણા કડી સહિતના શહેરોમાં અલગ અગલ પેઢીના નામે બોગસ બીલ બનાવનાર ૧૩ શખ્સોની ધરપકડ કરવામાં આવી હતી.

છેલ્લા એક માસથી ચાલતી આ તપાસમાં એસઓજીએ વધુ ચારની ધરપકડ કરી છે. જેમાં રાણાવાવના દિલીપ ટાંક, જૂનાગઢના વીમા એજન્ટ સુધીર રૈયાણી, ગોંડલના ઋષિ બાગથરીયા અને જુનાગઢના રમેશ ભેટારીયાની ધરપકડ કરતા આ કૌભાંડમાં અત્યાર સુધીમાં કુલ ધરપકડનો આંક ૧૭ એ પહોંચ્યો છે.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે, ગોંડલનો ઋષિ બાગથરીયા અલગ અલગ પેઢીના નામના બોગસ બિલીંગ બનાવી આપતો હતો જેના બદલે ઋષિ બાગથરીયાને ૨ થી ૫ ટકા કમિશન મળતું હતું. આ પ્રકરણમાં હજુ પણ વધુ ધરપકડ થશે. બીજી તરફ આ મામલે GST બોગસ બિલ કૌભાંડ પ્રકરણનો રેલો મહેશ લાંગા સુધી પહોંચ્યો હોય મહેશ લાંગાની પેઢીનું જ આ કારસ્તાન સામે આવતા પોલીસે મહેશ લાંગાનો જેલમાંથી કબજો પણ મેળવ્યો છે.

## રૈયાધારમાં યુવાન પર ૪ શખ્શનો હુમલો

### ગણેશ ઉત્સવમાં થયેલા ઝગડાનો ખાર રાખી લોખંડના સળિયાથી કર્યો હુમલો

રાજકોટ મિરર, તા.૨૮

ગણેશ ઉત્સવમાં થયેલી બબાલનો ખાર રાખી શહેરના રૈયાધાર વિસ્તારમાં એક યુવાન પર ચાર શખ્શોએ લોખંડના સળિયા વતી હુમલો કર્યાની યુની.પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

રૈયાધારના  મારવાડીવાસમા રહેતા અને કલરકામ કરતા કૈલાશ તુલસીરામ ભાટી નામના ૪0 વર્ષના યુવાને પોતાની ફરીયાદમા પ્રભુ, વિસ્તારામ, નોરથારામ અને પ્રકાશ દેવીપુજકનુ નામ આપતા તેમની સામે યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધ્યો છે.

કૈલાસે ફરીયાદમા જણાવ્યુ હતુ કે ૨૫/૧૨ ના રોજ પોતે ઘરે હતો ત્યારે પુત્રને પ્રભુનો ફોન આવ્યો હતો અને તેમણે બહાર આવવાનુ કહયુ હતુ. જેથી પુત્રી સંજય ઘરની બહાર ગયા બાદ થોડીવારમા મોટેમોટેથી અવાજ આવવા લાગ્યો હતો અને કૈલાશભાઇ ઘરની બહાર જતા ત્યા વિસ્તારામ, નોરથરામ ગુર્જર અને પ્રકાશ સહિત ચાર વ્યકિતએ પુત્રને ગાળો આપી માર માર્યો હતો અને પ્રભુએ લોખંડના સળીયો લઇ પુત્ર સંજયને માથાના ભાગે ઝીંકી દેતા તેને ઇજા થઇ હતી. તેમજ પુત્રને બચાવવા જતા કૈલાશભાઇને પણ આરોપીઓએ માર મારતા તેમને પણ ઇજા થઇ હતી. આ મામલે સારવાર માટે સંજયને સરકારી હોસ્પિટલમા ખસેડાયો હતો તેમજ કૈલાશભાઇએ જણાવ્યુ હતુ કે અગાઉ ગણેશ ચતુર્થીના દિવસે ગીત વગાડવા મામલે બંને પક્ષે બોલાચાલી થઇ હતી જે બાબતનો ખાર રાખી આરોપીઓએ હુમલો કર્યો હતો. આ બનાવની વધુ તપાસ પીએસઆઇ એન. જે. મસાકપુત્રા દ્વારા હાથ ધરાઈ છે.

## ૧૩મી એ રાજકોટ જીલ્લા પંચાયતની સામાન્ય સભા

### ૯મી જાન્યુઆરીએ કારોબારી મળશેઃ નાણાંકીય ફાળવણીથી માંડીને વિવિધ મુદ્દાની કરાશે ચર્ચા



રાજકોટ મીરર, તા.૨૮

રાજકોટ જિલ્લા પંચાયતની આગામી ૧૩મીએ ખાસ સામાન્ય સભાની બેઠક યોજાનાર છે. તે પહેલાં ૯મીએ કારોબારી સમિતિની બેઠક મળશે.આ સમિતિઓની બેઠકના એજન્ડા આગામી સોમવાર સુધીમાં તૈયાર થઈ જશે તેમ સૂત્રો દ્વારા જાણવાં મળ્યુ હતું.

જીલ્લા પંચાયતના સૂત્રોએ જણાવ્યું હતું કે નવા કેલેન્ડર વર્ષની પ્રથમ સામાન્ય સભા ૧૩મી જાન્યુઆરીએ યોજાશે. તે પૂર્વે ૯મીએ કારોબારી સમિતિની બેઠક મળશે. સામાન્યસભા ખાસ છે અને તેના એજન્ડામાં મુખ્ય દરખાસ્ત નાણાં પંચના આયોજનની છે. નાણાંકીય ફાળવણીથી માંડીને વિવિધ મુદ્દાની ચર્ચા કરવામાં આવશે. તેમજ જુના કામો વિશે પણ ચર્ચા થશે. જીલ્લા પંચાયતનું વર્તમાન બિલ્ડીંગ નવું બનવાનું છે. વહીવટી સ્ટાફનું તો સ્થળાંતર થઇ જ ગયું છે.છેલ્લી સામાન્ય સભા પણ સ્થળાંતરિત જગ્યા પર જ મળી હતી. હવે પદાધિકારીઓ પણ નવી જગ્યાએ સ્થળાંતર કરવાના છે. સમિતિના ચેરમેનો માટે ચેમ્બરોના નિર્માણની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. ૨૦૨૫ના પ્રારંભે જ ચેમ્બરો તૈયાર થઇ જવાની શક્યતા છે.

આ રાજકોટ છે અહિના લોકો રંગીલા છે, મોજીલા છે અને મજાના છેઃ કાયદાને માન પણ આપે અને તોડે પણ ખરા!

# ટ્રાફિક ભંગ બદલ રાજકોટીયન્સે ભર્યો ૭ કરોડનો દંડ!

## દંડ ભરીને ડામ ખમશે પણ નિયમોનું પાલન નહિ જ કરેઃ ડીસીપી ટ્રાફિક પૂજા યાદવે વર્ષભરની ટ્રાફિક પોલીસની કામગીરીનું સરવૈયુ રજુ કર્યુ












### ખુશ થવા જેવી વાત એ કે આ વર્ષે જીવલેણ અને ગંભીર અકસ્માતો ઘટ્યાઃ ત્રણ સવારીના નિયમનો સૌથી વધુ ભંગ થયો-૪૭૪૯૧ કેસમાં ૫૦,૪૨,૮૦૦નો દંડ વસુલાયો હતોઃ બીજા નંબરે કાળા કાચની ફિલ્મો હટાવવાની કામગીરી અને ત્રીજા નંબરે રહી ચાલુ વાહને મોબાઇલ ફોન પર વાત કરવાની કામગીરીઃ આવા ૯ હજારથી વધુ કેસમાં ૨૨.૨૭ લાખનો દંડ થયો વસુલ

દર્શનસિંહ જાડેજા દ્વારા
રાજકોટ મિરર, તા.૨૮

શહેર પોલીસ વાહન ચાલકોને તેઓ ટ્રાફિકના નિયમનું પાલન કરે તે માટે સતત દંડ ફટકારતી રહે છે. આમ છતાં ઘણાખરા વાહનચાલકો સુધરતા નથી. રાજકોટના અનેક વાહનચાલકો એવા હશે જેમને દંડ આપવો મંજુર છે પણ નિયમોનું પાલન કરવાનું તેમને ફાવતું નથી. આ અમે નથી કહેતાં પણ ટ્રાફિક પોલીસે આખા વર્ષ દરમિયાન જેટલા કેસ કર્યા છે અને જેટલો દંડ વસુલ્યો છે તેના આંકડા ઉપરથી સાબીત થઇ રહ્યું છે. શહેર ટ્રાફિક બ્રાંચ દ્વારા વર્ષ ૨૦૨૪માં ટ્રાફિક નિયમોના ભંગ બદલ અધધધ ૨,૯૮,૫૨૫ કેસ કરવામાં આવ્યા છે અને નિયમોના ભંગ સબબ વાહન ચાલકો પાસેથી અધધધ ૬ કરોડ ૯૮ લાખથી વધુનો દંડ વસુલાયો છે. બીજી તરફ ટ્રાફિક પોલીસની કામગીરીને કારણે જીવલેણ અને ગંભીર અકસ્માતોમાં ગયા વર્ષ કરતાં આ વર્ષે ઘટાડો પણ નોંધાયો છે.

શહેર ટ્રાફિક શાખાના ડીસીપી પૂજા યાદવે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૩ની સરખામણીએ શહેર ટ્રાફિક બ્રાંચ દ્વારા ૨૦૨૪ દરમિયાન રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન, આરટીઓ અને અન્ય સરકારી એજન્સીઓના સંકલનમાં રહી માર્ગ પરના અકસ્માતો ઘટાડવા રોડ એન્જીનિયરીંગ અંતર્ગત લેવાયેલા સુધારાત્મક પગલા, ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમો અને એન્ફોર્સમેન્ટની ત્રીસ્તરીય કામગીરીના પરિણામરૂપે જીવલેણ અકસ્માતોમાં ૯.૩ ટકાનો ઘટાડો નોંધાયાનું વર્ષભરની કામગીરીની આંકડાકીય માહિતી સાથે વિગતો રજુ કરી હતી. તેમણે કહ્યું હતું કે આખા વર્ષ દરમિયાન ટ્રાફિક પોલીસે નિયમભંગના અલગ અલગ ૨,૯૮,૫૨૫ કેસોમાં કુલ રૂા. ૬,૯૮,૫૭,૮૦૦નો દંડ વસુલ કર્યો છે.

ટ્રાફિક પોલીસે કેવી કામગીરી કરી તેના આંકડાઓ પર નજર કરીએ તો ગયા વર્ષે ૧૫૧ ફેટલ એક્સીડન્ટ સર્જાયા હતાં જેમાં ૧૫નો ઘટાડો નોંધાયો છે. જ્યારે ગંભીર અકસ્માતોની સંખ્યા ૨૦૩ રહી હતી, જેમાં ૨૦૨૩ની સરખામણીએ ૧૬ અકસ્માત ઓછા નોંધાયા હતાં. જ્યારે સામાન્ય અકસ્માતોમાં પણ ૨૮નો ઘટાડો નોંધાયો હતો. આમ જુદા જુદા હેડ હેઠળના અકસ્માતના બનાવોમાં ૧૨.૭૧ ટકાનો ઘટાડો નોંધાયો હતો. એન્ફોર્સમેન્ટ કામગીરી અંતર્ગત કાળા કાચવાળી ફિલ્મો હટાવવાના ૧૬૯૨૨ કેસ કરી ટ્રાફિક પોલીસ દ્વારા ૩૧,૭૭,૫૦૦નો દંડ વસુલવામાં આવ્યો હતો. ૨૦૨૩ની સાલ કરતાં કાળા કાચના ૩૨૧૬ કેસ વધુ નોંધવામાં આવ્યા હતાં. આ ઉપરાંત ચાલુ વાહને મોબાઇલ ફોન પર વાત કરવાના ૯૨૪૩ કેસ નોંધાયા હતાં. જેમાં ૨૨,૨૭,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો. લાયસન્સ વગરના ૩૦૮૫ કેસમાં ૨,૮૭,૫૦૦નો દંડ વસુલાયો હતો.

આવા કેસો પણ ગત વર્ષની સરખામણીએ ૨૦૮૮ વધુ નોંધાયા હતાં. આ ઉપરાંત ત્રણ સવારીના ૪૭૪૯૧ કેસમાં ૫૦,૪૨,૮૦૦નો દંડ વસુલાયો હતો. ગત વર્ષની સરખામણીએ ૩ સવારીના ૨૦,૭૩૨ કેસ વધુ નોંધાયા હતાં. આ ઉપરાંત હેલ્મેટ વગર ટુવ્હીલર ચલાવવાના ૧૮૬૩૦ કેસમાં ૩૭,૯૪,૦૦૦નો દંડ કરવામાં આવ્યો હતો. આવા કેસોની સંખ્યામાં ૭૬૦૭નો વધારો આ વર્ષે નોંધાયો છે. સીટ બેલ્ટ વગર ગાડી ચલાવવાના ૩૨૬૬૨ કેસ નોંધાયા હતાં. જે ગયા વર્ષની સરખામણીએ ૧૪૦૭૧ વધુ હતાં. આવા વાહન ચાલકો પાસેથી ૯૧,૭૩,૦૦૦નો દંડ સરકારી તિજોરીમાં જમા લેવાયો હતો.

આ ઉપરાંત ટ્રાફિક નિયમન ભંગના અન્ય ગુનાઓમાં પરચુરણ કાગળો, નંબર પ્લેટ વગરના વાહનો અને કેસોમાં અનુક્રમે ૨૩૪૪૯, ૭૫૭૯ અને ૨૩૧૭૮ કેસો વધુ નોંધાયા છે. આમ કુલ ૧,૦૨,૯૦૨ કેસ ટ્રાફિક નિયમનના ભંગ બદલ નોંધવામાં આવ્યા હતાં અને કુલ દંડ રૂા. ૬,૯૮,૫૭,૮૦૦ વસુલવામાં આવ્યો હતો. તેવુ ડીસીપી પૂજા યાદવે જણાવ્યું હતું.

આ ઉપરાંત ટ્રાફિક અવેરનેસ અંતર્ગત જુદી જુદી સ્કૂલો, કોલેજો અને કોમ્યુનિટી હોલમાં વર્ષ દરમિયાન ૯૫ કાર્યક્રમો યોજી ટ્રાફિક નિયમન વિશે સમજ આપવામાં આવી હતી. આવા કાર્યક્રમો પણ ગત વર્ષની સરખામણીએ ૧૯ વધુ યોજાયા હતાં. આ ઉપરાંત ટ્રાફિક ડ્રાઇવ, દબાણ હટાવ ડ્રાઇવ, આરટીઓ અને ખાણ ખનીજ વિભાગ સાથે સંયુક્ત ડ્રાઇવ, ક્ષમતા કરતાં વધુ મુસાફરોની અવર-જવર કરતાં વાહનો સામેની ડ્રાઇવ અને હોસ્પિટલ ઇમર્જન્સી સંદર્ભે ગ્રીનકોરીડોર બંદોબસ્તની પણ નોંધપાત્ર કામગીરી ટ્રાફિક પોલીસ દ્વારા કરવામાં આવી હતી. તેમજ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે મળી જુદા જુદા રસ્તાઓ, સર્કલની રી-ડિઝાઇનીંગની કામગીરી થકી ટ્રાફિક સમસ્યા ઘટાડવાની કોશિષ કરવામાં આવી હતી. ફેટલ અકસ્માતોના કેસમાં ઘટના સ્થળની વિઝીટ કરી અકસ્માતો પાછળ શું કારણભુત બન્યું? તે અંગેની વૈજ્ઞાનિક ઢબે વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયાના માર્ગદર્શન હેઠળ ડીસીપી પૂજા યાદવની આગેવાનીમાં એસીપી જે. બી. ગઢવી અને ટ્રાફિક બ્રાંચના તમામ પોલીસ ઇન્સ્પેક્ટર, સબ ઇન્સ્પેક્ટરની તમામ ટીમો દ્વારા આ કામગીરી કરવામાં આવી હતી.

# નાગલપરમાં પ્લોટની આકારણીમાં સંબંધિતોએ કર્યા ગોટાળા

## આકારણીમાં વિસંગતતા રાખીને ભારોભાર ગેરરીતિ આચર્યાની આશંકા પ્લોટધારક કાનજીભાઈ જોગડીયાએ તલાટી અને સરપંચ સામે તાકી શંકાની શોઈ



### અગાઉ કરેલી માપણી ખામી ભરેલીઃ સરપંચ

નાગલપર ગામના સરપંચે જણાવ્યુ હતું કે જે તે વખતે નાગલપર ગામમાં માપણી કરાવવા આવી હતી ત્યારે માપણી ભુલ ભરેલ થયેલ છે. તે જગ્યા પર અગાઉ બાલ મંદીર હતુ. અને હાલ ત્યાં ખૂલ્લો પ્લોટ છે. ત્યારે સવાલ ઉદભવે કે સરપંચને આ બાબતની ખ્યાલ હોવા છતાં આજ દિન સુધી ફરી આકારણી કરવાની કેમ તસ્દી લીધી ન હતી.

### પ્લોટ ફાળવણીમાં વિસંગતતા ઉભી કરવામાં કોનું ભેજુ કારણ ભૂત?

નાગલપર ગામમાં ૨૦૧૯માં આકારણી કરી હતી ત્યારે અને હાલની આકારણીમાં વિસંગતતા વાળી જોવા મળે છે. અગાઉનું રજિસ્ટર અને હાલ માંગણા રજીસ્ટરમાં પણ વિસંગતતા જોવા મળે છે. ત્યારે આ બાબતને લઈને જવાબદાર અધિકારી દ્વારા શું કાર્યવાહિ કરવામાં આવશે કે કેમ? પ્લોટ ફાળવણીમાં વિસંગતતા ઉભી કરવામાં કોનું ભેજુ કારણ ભૂત છે? તે અંગે જવાબદાર અધિકારીએ તપાસ કરાવી જરૂરી બની છે.

રાજકોટ મીરર, તા. ૨૮

રાજકોટ નજીક આવેલ નાગલપર ગામમાં પ્લોટની આકારણી સમયે સંબંધિતોએ ગોટાળા કર્યા હોવાનો પ્લોટ ધારકે આક્ષેપ કર્યો હતો. ગામમાં આકારણી સમયે વિસંગતતા રાખીને ભારોભાર ગેરરીતિ આચાર્યાની આશંકા સેવાઈ રહી છે. પ્લોટધારક કાનજીભાઈ જોગડીયાએ તલાટી અને સરપંચ સામે પણ આક્ષેપ કર્યા છે. આ બાબતે પ્લોટધારકે સંબધિત કચેરીના અધિકારીને લેખિત જાણ કરી રજુઆત કરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટમાં આવેલ નાગલપર ગ્રામ પંચાયત દ્વારા ૨૦૧૯માં ગામની આકારણી કરવામાં આવી હતી. ત્યારે માપણી કરનાર એન્જિનિયર દ્વારા નાગલપર ગામમાં ૨૦૦ નંબરનો પ્લોટ રાધાબેન જીવરાજભાઈ જોગડીયા નામે ફાળવી ૧૫/૧૨/૨૦૧૯માં રોજ આકારણી પત્રકમાં ઉલ્લેખ કર્યો હતો. અને તેને આકારણી પત્રક આપવામાં આવ્યું હતું. બાદ ૨૦૨૩માં રાધાબેનનું અવસાન થયું હતું. બાદ રાધાબેનના દિકરા કાનજીભાઈ જોગડીયા તે પ્લોટનો કબ્જો સંભાળયો હતો.હાલ તે પ્લોટમાં મકાન બનાવવું હોય જેથી તે મકાન બનાવ માટેની પ્રોસેસ કરતાં તેને માલુમ પડ્યું કે આ પ્લોટ સરકારી છે. અને જે તે વખતે પ્લોટનું આકારણી પત્રક આપવામાં આવ્યું હતું. પણ તે પ્લોટમાં મકાન બનાવી ન શકાય. બાદ કાનજીભાઈએ તે પ્લોટની ખરાઈ કરવાં માટે કાગળો ભેગા કર્યા હતા. ત્યારે માલૂમ પડ્યું કે ૨૦૧૯માં નાગલપર ગ્રામ પંચાયત દ્વારા આકારણી કરવામાં આવી ત્યારે ૨૦૦ નંબરનો પ્લોટ રાધાબેન જોગડીયાના નામે ફાળવી આકારણી પત્રક આપવામાં આવ્યું હતું. જ્યારે માંગણા રજીસ્ટરમાં અગાઉ ૨૦૦ નંબરની મિલકતમાં જૂનું બાલ મંદીર બતાવે છે. ત્યારે હાલ માંગણા રજીસ્ટરમાં ૨૦૦ નંબરની મિલકતમાં જીવરાજભાઈ બચુભાઈ જોગડીયાનું નામ દર્શાવે છે. બંને માંગણા રજીસ્ટરમાં વિસંગતા જોવા મળતાં આ બાબતને લઈને કાનજીભાઈ જોગડીયાએ રાજકોટ તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારીને રજૂઆત કરી હતી. જેમાં જણાવ્યું હતું કે પોતાનો પરિવાર વર્ષોથી નાગલપર ગામમાં રહે છે.

ગ્રામ પંચાયત દ્વારા અગાઉ ૨૦૦ નંબરનો પ્લોટ આકારણી પત્રક સહિત વેરા પહોંચ આપી જગ્યાનો કબજો આપેલ હતો. તે વખતે સરપંચ દ્વારા જણાવાયું હતું કે આ જગ્યાના ખુટતા કાગળ ટૂંક સમયમાં મળી જસે. બાદ આજ સુધી કોઈ કાગળ મળેલ નથી. અને આ બાબતે કોઈ પણ જવાબ આપેલ નથી. તેમજ તલાટી દ્વારા જણાવાયું કે આ મિલકત રજીસ્ટરમાં નથી. ત્યાર બાદ ફરી કાનજીભાઇએ સરપંચને વાત કરેલ પણ કોઈ વ્યવસ્થિત જવાબ આપેલ નહિ. હાલમાં પણ તે જગ્યાનો કબ્જો ધરાવીએ છીએ. છેલ્લાં ત્રણ વર્ષથી નિયમિત કરવેરો ચૂકવું છું. અને હાલ તે જમીનમાં મકાન બનાવવું હોય જેથી આ વર્ષનો કરવેરો ભરવા ગયો ત્યારે તલાટીએ વેરો ભરવાની ના પાડી હતી. અને તે જગ્યા સરકારી છે તેવું જણાવ્યું હતું. આ બાબતે કાનજીભાઈએ આક્ષેપ સાથે ટીડીઓને રજુઆત પણ કરી હતી. રાજકોટ મીરર દ્વારા આ બાબતે તપાસ કરતા જાણવા મળ્યું કે ૨૦૧૯ માં આકારણી કરવામાં આવી હતી ત્યારે ૨૦૦ નંબરનો પ્લોટ રાધાબેન જીવરાજભાઈ જોગડીયાના નામે દર્શાવ્યો હતો. અને તેની બાજુમાં સોમાભાઈ શિવાભાઈ ગેલડીયા નામે મિલકત બતાવે છે.

જ્યારે હાલ માંગણા રજીસ્ટરમાં ૨૦૦ નંબરની મિલકત જીવરાજભાઈ બચુભાઈ જોગડિયા નામે અને રજીસ્ટર ૨૦૧ માં જુનું બાલ મંદીર દર્શાવે છે. ત્યારે સવાલ એ પણ થાય કે જે તે વખતે કરેલ ગામની આકારણી ભૂલ ભરેલ કે વિસંગતા વાળી હોય તો આજ દીન સુધી કેમ ફરી આકારણી ન કરી? તે જમીન ખરેખર સરકારી છે કે માલિકીની કે પછી અગાઉ અધિકારીએ કરેલ ભૂલને ઢાંકવા તલાટી અને સરપંચ ઢાક પીછોળો કરે છે? શું તલાટી અને માપણી કરનાર એન્જિનિયરે તેના મળતિયાને પ્લોટ અપાવવા આ કારસ્તાન કર્યું હસે? પ્લોટધારકે રાજકોટ તાલુકા પંચાયતના ટીડીઓને રજુઆત કરી છતાં આજ દિન સુધી કોઈ ઉકેલ આવ્યો નથી. પ્લોટધારક દ્વારા દર વર્ષે ઘરવેરો, દિવાબત્તી વેરો, સફાઈ વેરો, પાણી વેરો ભરવામાં આવે છે. ત્યારે સવાલ એ થાય કે ખુલ્લા પ્લોટનો ઘર વેરો વસુલી શકાય? શું તે ગામના તલાટી આ બાબતે અજાણ છે? કે પછી જાણી જોઈને ઢાક પીછોળો કરે છે? ત્યારે તંત્ર અને સત્તાધીશો સામે પણ હાલ અનેક સવાલ ઉઠવા પામ્યાં છે.

### આયુષ્યમાન કાર્ડ ધારક પાસે ગેરકાયદેસર રીતે ૧૦,૦૦૦ની રકમ વસૂલવાની ફરિયાદ મળી હતી જે બાદ આ હોસ્પિટલ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી

# સીનર્જી હોસ્પિટલને ૫૦ હજારનો દંડ




રાજકોટ, તા. ૨૮

રાજકોટ મહાનગરપાલિકા અને રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત હોસ્પિટલો જે દર્દીઓ સાથે ખોટું કરતી હોય તો તેની ફરિયાદો સાંભળવામાં આવે છે અને તે બાદ ડેપ્યુટી કમિશનર કક્ષાના અધિકારી અને ચીફ હેલ્થ ઓફિસર સહિતની કમિટી દ્વારા મિટિંગ મળે છે અને જો હોસ્પિટલની ગેરરીતી સામે આવે તો તેને દંડિત પણ કરવામાં આવે છે જુલાઈ ૨૦૨૪ માં રાજકોટ મહાનગરપાલિકા ના હદ વિસ્તારમાં આવેલી મવડીની સિનરજી હોસ્પિટલ દ્વારા આયુષ્યમાન કાર્ડ ધારક પાસે ગેરકાયદેસર રીતે ૧૦,૦૦૦ની રકમ વસૂલવાની ફરિયાદ મળી હતી જે બાદ આ હોસ્પિટલ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી.

જે પુરવાર થતાં આરોગ્ય વિભાગ દ્વારા હોસ્પિટલને દર્દી પાસેથી વસૂલવામાં આવેલી રકમ કરતાં પાંચ ગણી વધુ રકમ પેનલ્ટી રૂપે ફટકારવામાં આવી છે. આરોગ્ય અધિકારી જયેશ વાકાણી દ્વારા પેનલ્ટી અંગે નાયબ નિયામક ગાંધીનગરને પત્રમાં જણાવવામાં આવ્યું કે માપદંડો ધરાવતા પરિવારોને કુટુંબ દીઠ વાર્ષિક ૧૦ લાખ સુધી નિયત કરેલી પ્રાથમિક સેકન્ડરી તેમજ ટર્સરિ બીમારીઓ માટે કેશલેસ સારવાર આપવામાં આવે છે. દરમિયાન રાજકોટ જિલ્લાની આયુષ્યમાન કાર્ડ હેઠળની સિનર્જી પ્રાઈવેટ લિમિટેડ હોસ્પિટલ દ્વારા દર્દી રાજુભાઈ પાસે ડિપોઝિટ પેટે ૧૦,૦૦૦ ની રકમ ભરાવવામાં આવી હતી જે બાબતે ક્યાંકને ક્યાંક ગેરરેતી સામે આવતા જિલ્લા કક્ષાએથી અધિકારીઓ દ્વારા આ કેસંગે તપાસ હાથ ધરવામાં આવી અને હોસ્પિટલને પણ દંડ ફટકારવામાં આવ્યો.

પીએમ-જય યોજના સાથે જોડાયેલી ખાનગી હોસ્પિટલો માટે નવી ગાઇડલાઇન જાહેર થયા બાદ મનપાના આરોગ્ય વિભાગ દ્વારા જુદા જુદા વિસ્તારમાં આવેલી ખાનગી હોસ્પિટલોમાં તેને લગત ચકાસણી શરૂ કરી દેવામાં આવી છે. આ અંગે મ્યુનિ. કોર્પોરેશનના વર્તુળોમાંથી જાણવા મળેલી વિગતો મુજબ રાજકોટની પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, આયુષ્યમાન સિનર્જી પ્રા.લી. હોસ્પિટલ સામેના એક કેસની તપાસ રાજયના આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવી હતી. બાદમાં તાજેતરમાં નાયબ નિયામકે હોસ્પિટલના ડાયરેકટરને પત્ર લખીને પેનલ્ટી ભરવા અંગેની જાણ કરી છે અને તેની નકલ કલેકટર, મ્યુનિ. કમિશ્નર, જિલ્લા વિકાસ અધિકારીને મોકલી છે.

આ નોટીસમાં જણાવ્યા મુજબ પીએમ-જય યોજના અંતર્ગત નિયત માપદંડો ધરાવતા પરિવારોને કુટુંબદીઠ વાર્ષિક રૂા. ૧૦ લાખની કેશલેસ સારવાર સરકાર દ્વારા અપાવવામાં આવે છે. આયુષ્યમાન સિનર્જી હોસ્પિટલ દ્વારા દર્દી રાજુભાઇ પાસે રૂા. ૧૦ હજારની ડિપોઝીટ લેવામાં આવી હતી. જે અંગે ૭ જુલાઈના રોજ ફરિયાદ મળતા ગેરરીતિ અંગે જિલ્લા કક્ષાએથી તપાસ કરવામાં આવી હતી. આ બાદ હોસ્પિટલ દ્વારા લાભાર્થી પાસેથી લેવામાં આવેલી રૂા. ૧૦ હજારની રકમ તા. ૨૩ ડિસેમ્બરના રોજ પરત આપવામાં આવી છે.